૫૮૨૬

भरथरी नाटक.

અંક ૧ લો.

સ્થળ—રંગ ભુમી,

(તરૂણ વયની વારાંગનાઓ પ્રવેશ કરે છે.)

વારાંગનાઓ— પ્રાર્થના.

સુરપતી, જગપતી, કૃપા અતી, કરી કરધર;
જાનીદાસ, પુરો આસ, કામ ક્રોધ મદહર.
લીલા લ્હેર, લીલા લ્હેર, ઠેર ઠેર છે અમ્મર;

સુત્રધાર—નાટ્ય કળા કરૂં આજે, તેમાં હરી કર ધર.

આહા! આજે કેવો આનંદનો દિવસ? શું સજ્જનો નો પ્રેમ! હજુ પણ આર્યોમાં ઉદયનાં ચિન્હ જણાય છે! માત્ર મુજ ગરીબના દેશોન્તીના પ્રયત્નોનો પણ ઉત્સાહથી સત્કાર થયો છે! શું આ સાનંદાશ્ચર્ય નહીં? આહા હા! અપુર્વ!!!

નેપથ્યમાં—શું સાયંકાળની લીલા! કોઇ અલૌકીકજ છે!

સુત્રધાર—(શાંતીથી) આતો પરદુ:ખભંજન મ. ર. ભરથરી રાજનોજ સ્વર સંભળાયો. શું તેઓ આ-નંદગૃહે પધાર્યા ?! ચાલ ત્યારે એ હું શ્રોતાઓને તેમની ચર્ચા જોવા દઉં ! (જતાં જતાં) ગ્રહસ્થો ! આપે મને જે ઉત્તેજન આજે આપ્યું છે, તેનો આ-ભાર માની રજા લઉં છું.

(સુત્રધાર જાય છે ડ્રોપસીન.)

પ્રવેશ ૧ લો.

સ્થળ—ભરથરીના મ્હેલનો ઝરૂખો, તથા રાજ બાગ.

ભરથરી—(સુગંધસુંદરીને આવકાર દેતાં દેતાં) અરે ! ઈ-શ્વરી કળાતો કોઈ ન્યારીજ છે રૂતુના ભીના ભીના વાંલાસમાં ભલભલા પણ મોહ પામે એમાં શું ન-વાઇ છે ! જુઓને.

ભરથરી—(કયા સોહા મે રંગે જો મોરા રંગ એ રાહ.)

વાહવા શોભે શું સુંદર કુદરતી રંગ !
આહા એ તો મન કરે છે મારૂં દંગ ! વાહવા૦
ગ્રીષ્મ રૂતુનો છે બ્હાર મઝાનો !
રમે રસીક રંગ રાગ પ્રીયાની સંગ. વાહવા૦

પક્ષીઓ પણ કીલ કીલ કરતાં;
ઉડે હવામાં લેવા આનંદ રંગ. વાહુવા૦
(વીક્રમને આવતો જોઇ)

ભરથરી—અરે પણ આજ વિક્રમભાઈ ઉદાસીન શાથી જણાય છે.

વિક્રમ—(પ્રવેશ કરી. સ્વગત) ખરે ? આજ માહારાજ આનંદમાં છે, તેમ તેઓ પણ મારો ચેહેરો ઉદાસ જોઇ વિચારના વમળમાં ઉતર્યા છે, માટે આ અવસરે પ્રજાના દુઃખની દાદ લાવ્ય ને સંભળાવું, તેમાંથી કંઇ પણ સાર નિવડશેજ (પ્રકાશ) માહારાજ—

વિક્રમ— ગઝલ.

વડીલ ભ્રાત વાત મારી સુણીએ તમો;
રાજ કાજમાં અધેર દેખીએ અમો, વડીલ.
વિવેકી વિદ્વાન ગુણ ખાણ થઇ તમો;
કામ કુંડમાં પડી શું રંગમાં રમો. વડીલ.
દયા હીણ દેવ થઇ નીજ પ્રજા દમો;
ચેતો કંઇ ચિત વિષે હજુ છે સમો. વડીલ.

ભરથરી—ભાઇ વાસ્તવીક છે.

ગીતી વૃત.

વાત વીક્રમા તારી, રાજ રીતથી અંતરમાં ધારી;
ચાહ્ય હવે હું આવું, આજ કચેરીમાં વસ્ત્રો ધારી.

(દાસીઓ પ્રત્યે) તમે જાઓ ને દિવાનખાનો-શાજ વસ્ત્રો લઇ આવો, ને રાણીવાસમાં કેહેજો કે મહારાજ રાજ્ય કચેરીમાં ગયા છે. દાશીઓ પોશાક લેવા જાય છે ને ભરથરી તથા વીક્રમ દિવાનખાનામાં જાય છે.

પ્રવેશ ૩ જો.

સ્થળ—રાજમાર્ગ.

ભરથરી—ભાઇ વીક્રમ! તું આજ લગી મને એ બાબત કેમ જણાવતો નહોતો? એ તો સારૂ થયું કે આપણું એકાએક મળ્યા નહીં તો રાજની શી વ્યવસ્થા થાત?

વીક્રમ—જેષ્ટ ભ્રાતા! જો કે હું આપની પાસે એ બાબત માટે કેહેવાને ઘણી વખત આવતો હતો પણ શયન ગૃહ આગળ મહારાણીના સખ્ત બંદોબસ્તથી અંદર આવવામાં મને ઘણી અડચણો પડતી, તેથી લાચાર થઇ મળવા માટે મથન કરતો હતો તેવામાં આજ અન્યાસે મળ્યાં, તો સર્વે વાતે શુભ પરિણામ નીવડવાની આશા સતેજ થઇ નહીં તો અંધકારમાંજ અથડાવાનું હતું તો.

ભરથરી—સત્ય છે ભાઇ! મને પણ વિષય સુખમાં સરવે અકારૂંજ થઇ પડયું હતું (વારૂ હવે ઝટ કરો કચેરીમાં સર્વે રાહ જોતા હશે.)

પ્રવેશ ૪ થો.

સ્થળ—શયનગૃહ.

(રાણી માહારાજની રાહુ જોતી બેઠી છે એટલામાં દાસીઓ આવીને)

દાસીઓ— કલ્યાણની ઠુમરી,

સુણોને રાણીબાઈ અમારી વાત. (ટેક.)
પવન ઝરૂખે લ્હેર ખાવાને, બેઠા હતા માહારાજ સું.
વિક્રમજીએ ત્યાં મુને આવી, બુલાવ્યા દીલરાજ. સું.
રાજ્યનુ અંધેર સરવે જાણ્યું, ગયા સજી ત્યાં સાજ. સું.

પીંગળા—(ક્રોધાંત થઇ) શું રાંડો તે વખતે તમે તેને અટકાવ્યો નહીં ! શું એ પાપી અમારા સુખમાં આડોજ આવ્યા કરશે ?! ઠીક છે. હું પણ ખરી કે એની ખબર લઉં. હજુ એ એના મનમાં શું સમજી રહ્યો છે. તે જાણતો નથી કે પીંગળાના પંઝામાંથી છુટવાનું ઘણું મુશ્કેલ છે. કારણકે.

પીંગળા— તરંગ.

રૂડી રંગીલી છબીલી જે નાર, ધન્ય ધન્યરે એનો અવતાર,
કરી નવિન કળાઓ અપાર, વશ કરવો નીજ ભરથાર.
એમાં સમાયું ચરિત્ર બેસુમાર, માટે મેળવું મુજ નાથનો પ્યાર
નિત્ય નવિન નવિન, રસ રંગ મહી લીન, રહી દીન પ્રતીદીન;

લઉં સુખ સદાએ અપાર. ટેડીο
પણ વેરી એક જાગ્યો મારો, માટે કરી પ્રપંચો હજારો;
કાઢું કાસળ એનું ઝટ, નહીંતો વધે ખટપટ,
તેથી થઉં હવે તો તૈયાર. ટેડીο

બસ હવે હું પણ એની ખટ પટ તૈયાર કરૂં કારણ કે નહી તો તે આગળ જતાં જબરી જડ બેસારી મને હર વખત નડ્યા કરશે. તેથી ઉગતા વેલાને વાઢવામાંજ સાર છે. (એટલામાં દાસી આવી.)

દાસી—બાઇ સાહેબ ભોજનગ્રહમાં પધારો, કારણ કે શી શી સામગ્રી કરવીછે તે આપ વીના સમજણ નહી પડે.

પીંગળા—ચાલો ત્યારે હું આવુંછું કારણ કે આજ રાજાને વધારે ખુશ કરવા છે, (સરવે જાય છે)

પ્રવેશ ૫ મો.

સ્થળ—રાજ્ય કચેરી.

પ્રધાન—જયસીહજી ! આજ એકાએક માહારાજે કચેરીમાં પધારવા વિચાર કર્યો તે કંઇ આશ્ચર્ય જનક જણાય છે કેમ વારૂ ?

જયસીંહ—નહીંરે, એતો આજ વીક્રમજીએ માહારાજના કાન ઉઘાડ્યા છે. નહીંતો બારે મહીને પણ ક્યાંન્હાં દેખવાનું હતું.

(એટલામાં નેપથ્યમાં નેકી પોકારે છે)

ચોપદાર—આસ્તે કદમ મુલાકાતસે કદમ માહારાજા ધિરાજ ભરથરીજીને ઘણી ખમા. આ–આ–આ–ઓ.

(સરવે ઉભા થાય છે.)

ભરથરી—(રાજ્યાસને બેસી) પ્રધાનજી! આજ મને રાજ્યની સરવે અવ્યવસ્થા આતમ પડી છે, માટે તમે સેનાધિપતિને મોકલી હશે, ખંડણી ભરનારાઓની ખંડની ઉઘરાવી લાવવાની ભલામણ કરોને જે લોકો ન આપે તેમના રાજ્ય પર જપતી બેસાડી વસુલ કરવાનું કેહે.

પ્રધાન—જેવો માહારાજનો હુકમ. પરંતુ હવે આપ કૃપ કરી હર વખત કચેરીમાં પધારો તો સારૂં.

વીક્રમ—પ્રધાનજી! તે માટેતો મેં બંદોબસ્ત કરી રાખ્યોછે હવે તેઓ હરનીશ આવશે. કારણ કે આજ લગી બધી વાત અંધારામાંજ ગઇ. એમાં કાંઇ માહારાજનો વાંક નથી એતો આપણે ભુલ કરી કે તેમને બરોબર દાદ પોહોંચાડી નહીં.

ભરથરી—ભાઇ વીક્રમ! હવેથી હું તમને પણ જણાવુંછું કે કદાપી કોઈ કારણસર મારે રોકાવું પડે તો પરચુરણ બાબતો તમારા મત પ્રમાણે કરી લેજોજી. કારણ કે તારે પણ હવે રાજ્ય કાજમાં ભોમીઆ થવું ઘટે છે. (પ્રધાનજીને.) હવેથી તમે સરવે કામમાં વી-

કરમ ભાઇની શલાહ લેતા રેહેજો.

પ્રધાન—જેવી નૃપની ઇચ્છા. વારૂ માહારાજની ઇચ્છા હોય તો વારાંગનાઓને બોલાવુ.

વીક્રમ—પ્રધાનજી! આજ કંઇ જરૂર નથી. કારણ કે હજુ માહારાજે ભોજન પણ કર્યુ નથી. માટે હવે સમય થયો છે તેથી કચેરી બરખાસ્ત કરાવો, વળી બીજા પ્રસંગે સરવે થઇ પડશે.

પ્રધાનજી—જેવી આપની આજ્ઞા,

(ચોપદારને ઇસારત કરવાથી.)

ચોપદાર—આસ્તે કદમ મુલાકાતસે કદમ ભરથરી માહારાજને ઘણી ખમા—આ—આ—ઓ.

કચેરી બરખાસ્ત.

પ્રવેશ ૬ ઠો.

સ્થળ—રંગવિલાસ મેહેલ.

પીંગળા—(દાસી પ્રત્યે) દાસી, આમ આવ્ય.

દાસી—(હાથ જોડી) બાઇ સાહેબ શી આજ્ઞા છે.

પીંગળા—તું આ ચીઠી લેઈ વીક્રમજીને આપી આવ્ય (એમ કહી એક ચીઠી આપે છે દાસી તે લેઇ વીક્રમને આપવા જાય છે. દાસીના ગયા પછી સ્વગત.

પીંગળા—જો કે મારી ચીઠી વાંચી વીક્રમજી મને સાડી આપવા આવશે તે વખત હું માહારાજને એમ શમજાવીશ કે તે મને દુષ્ટ બુદ્ધિથી એજ આવી ભેટો ગુપ્તપણું આપવા આવે છે, માટે માહારાજે તેનો યોગ્ય બંદોબસ્ત કરવો જોઇએ. મને ખાત્રી છે કે માહારાજ આથી અતિ ક્રોધે ભરાશે અને અમારા સુખમાં વારે વારે વિઘ્ન લાવતો વિક્રમ કોઇ મોટી વિપત્તિમાં આવી પડશે. (એટલામાં દાસી આવી પોહોંચે છે.)

દાસી— ગઝલ.

બાઇ આપના હુકમ મુંજબ કર્યુંજ મેં,
હાજર અહીં કરીએ શાં કહોતો તમે ?
સ્વારી માહારાજ તણી હમણાં આવશે.
કહો કેવી ઇચ્છા બાઇ તમને ફાવશે.

(એટલામાં ને પથ્થમાં પ્રતિહારનો શબ્દ સંભળાયછે તેથી રાણી ભરથરીને તેડવા જાય છે. પતી પ્રીયા પ્રેમથી એકમેકનો હસ્ત ગ્રહી પ્રવેશ કરે છે. બાદ ભરથરી પ્રેમાતુર ગતીથી.)

ભરથરી— સીંહાનો કનરો.

ચંદ્ર વદન ચતુર આ તારૂં,
ચોરી લીએ છે ચીતડું મારૂં, ટેક.
ચુંબન કરતાં ઓષ્ટ આ મારાં,

ધન્ય થયાં બહુ એમજ વિચારૂં ચંદ્ર.
ભ્રમ્મર ખરેખર કામ ધનુષ્ય છે,
ઘાયલ મુજ મનનેજ કરનારૂં. ચંદ્ર.
લાલ ગુલાબી ગાલ બન્યા છે,
નીરખી નયણે દુઃખ વિસારૂં. ચંદ્ર.
મારૂ ચતુરા તુજને આ તનમાં,
અવર જરી ન જણાયજ પ્યારૂં. ચંદ્ર.

પીંગળા— રાગ સદર.

જન્મો જન્મ પ્યારા દાસી તમારી,
દિન વિયોગે ન જાય મારા પ્યારા. ટેક.
હાસ્ય વિનોદ અને કામ ક્રીડામાં,
રતી પતી લાજી રહે મારા પ્યારા. જન્મો.
વિવિધ મારી કરી પ્રસંસા,
તે કયમ ભુલે આ દાસી એ પ્યારા, જન્મો.

માહારાજ! આપ મારા પર જે પ્રેમ રાખો છો તેનો બદલો વાળવામાં મારી ચિતવૃતી હમેશ લોભાઇજ રહે છે (એટલામાં વીક્રમ સાડી આપવા આવે છે, ભાઇ ભોજાઇને એકાંત સ્થળે બેઠલાં જોઇ પોતે સાડી આડે મુખે અંદર નાંખી ચાલ્યો જાય છે. તે વખતે રાણી સંકેત મુજબ ભરથરીને ભંભેરે છે ક્રોધાતુર થયેલ ભરથરી એક દમ વીક્રમની વાંસે મારવા દોડે છે. રાણી તેને શાંન્ત પાડી સે ાજનમહેલમાં લઇ જાય છે. પણ વેહેમાયેલો ભરથરી

જને ન જમતાં વિક્રમને સાસન આપવું તેના વિચારમાં વિંટાય છે.)

પ્રવેશ ૭ મો.

સ્થળ—ભયંકર જંગલમાં કાલકાનું મંદિર.

બ્રાહ્મણ— (ચલન કર ભલે એ રાહ.)

કૃપા તું કર હવે, માત દયા દિલ તું લે. કૃપા.
ભક્તિ કરતાં વરસ બહુ થયાં.
તોયે દયા લાવો ન કયમ, દિલમાં ધારી જરી રહેમ
કંઇ સ્હાય દયાથી દે, નસીબ મુજ કંઇ ખુલે. કૃપા.

આકાસ વાણી—આશીષ દઇ આપુ તને, અમ્મરફળ હું આ
પ્રાસન તેનું તું કરી ડમ્મર સરખો થા,
રહે પછી ભક્તિમાં લીન, થઇશ સુખી તું દિન દિન

બ્રાહ્મણ—ખમ્મા! ખમ્મા! માતા ગરીબ સેવકનો જીવ હવે સંતોષ પામ્યો હે ભગત દુઃખ ભંજણી! આપને નમન કરૂં છું (ફળ લઈ બ્રાહ્મણ જાય છે જતાં જતાં હવે આ ફળનું શું કરવું? હાં, હાં, એ તો માહારાજા જોગ છે. તેમને આપ્યાથી આપણું દરિદ્ર જશે ને ધારી ઇચ્છા સફળ થશે. (બ્રાહ્મણ જાયછે.)

પ્રવેશ ૮ મો.

સ્થળ—રાજ્ય મેહેલ.

રાજા રાણી ભોજન કરી રહી આનંદ કરતાં બેઠાં છે
ત્યાં બ્રાહ્મણ આવી.

બ્રાહ્મણ—ભાગ્યવાન ભુપતિ ભરથરી,
જગમાં પ્રભુજી જીવો અતી.
અમ્મર ફળ આ આરોગીને, ટાળો તનની વિપત્તી;
જગદંબાથી મુજને મળ્યુ મહા મુલ્યુ ફળ આ અરે,
સ્વિકાર રાખી તેહનો દરીદ્રતા અમારી હરે,
(એમ કરી અમરફળ માહારાજને આપેછે.)

ભરથરી— ગીતિ વૃત.

અમ્મરફળ આપીને, ઉપકારી તેં બહુ કીધો મુજને,
જા તેના બદલામાં, હાર આપું છું હીરાનો તુજને,
વળી રોક રૂપૈયા, પાંચ હજારજ ખજાનચી દેશે;
તેની લે આ ચીઠી, હવે રહો માહારાજ ગૃહસ્થ વેશે.

બ્રાહ્મણ— લીતાળી ચોપાઇ.

કરો કલ્યાણ શ ઇતમારૂં, ભાગ્યું દારિદ્ર આજ અમારૂં
આ અમ્મરફળ આરોગી, લ્યો મન ગમતાં સુખ ભોગી.
પ્રજા પુત્રની પેડે પાળો, ગૌ બ્રાહ્મણનાં દુઃખ ટાળો.
જેથી વધશે રાય તમારો, જશ ડંકો વિદેશે સારો.

...જા—માહારાજ, આપનો આશીરવાદ ફળીભુત થાઓ હવે આપ આ ચીઠી લેઈ પધારો.

(ચીઠી લેઇ બ્રાહ્મણ જાય છે. બાદ.)

(દેખી તેરી વફાદારી-એ રાગ.)

લે ફળ પ્રીયા મારી, ખાઇ અમર થા પ્યારી-લે૦
છે સ્વાદીષ્ટ પણ અપાર, આવે બહુ પ્યાર, માટે આ વાર
ખા તું હુપ ધા-આં-આં-આં-આં-આં-રીઇઇ-લે૦

પીંગળા—પ્રાણેશ્વર આપનો આવો પ્રેમ જોઇ મારા જીવને શાંન્તી વળે છે. (ફળ લેઇ) શું સુંદર ફળ !!!

રાગ સદર.

જેવો હુકમ સ્વામીરાજ, ખાઊં હર્ષ ધરીને આજ. જેવો
આપ્યું ફળ ધરીને પ્રીત, ધારી મુજ રીત, ગ્રહી રહું નિત્ય,
તમ રસીકના રસમાં-આં-આં-આં-આં-આં-જાય. જેવો

ભરથરી—પ્રીયા ચાલો હવે વિલાસમંદીરમાં,

(બને જાય છે.)

પ્રવેશ ૮ મો.

સ્થળ—અશ્વ શાળા.

અશ્વપાળ—વાહ ક્યા હમેરા રોફ ! હમ કેશે ફક્કડ જવાન!! કોઇ હમેરી બરાબર હોવે વાલા આ જગાનમાં હે !!

નહીં નહીં. જો કભી કોઇ હોવેતો પીંગળા છ.
પર આશક હોવે સઇ?! (ફળ તપાસી.) કેસા મ-
જેકા ફળ ઉન્ને મેરેકું દીયા હઇ. યેહ સબ પ્રેમ-
કી ખાતર જને?!

આશા ગોડી.

કામકળા બહુ ન્યારી, આહા જગમાં, કામકળા બહુ ન્યારી ટેક
વ્યસન એજે જનને વળગે, કીસમત તેનું ભારી. આહા૦
ભરથરી ભુપની પ્યારી પીંગળા, કેવી કરી વશ મારી. આહા
આજે અમ્મરફળ આપ્યુ મુજને, પ્રીત બતાવવા ભારી.આ
ચાલ હવે હું એ ગુણવંતીને, આપી અમ્મર કરૂં પ્યારી.આ.

વાહ! યેહ ફળ તો હમેરી પ્યારી માશુક ગુણવતીનેજ
દેયેગે કયું કે ઇસકે વીન મેરાજીકુ ચ્હેન બી નઇ હોતે. (ફળ
હાથમાં રમાડતો ગુણવતીને મ્હેલ તરફ જાય છે.)

પ્રવેશ ૯ મો.

સ્થળ—વીક્રમા વાસ.

વીક્રમ—(પોતાને અસુભ શુકનો થવાથી ઉદાસ ચેહેરે.)
(મુજને મુકીને પ્રીયા ચાલી પ્રભુને ધામ-એ રાહ.)
ફરકે છે ચિત્ત આજ પ્રભુજી મારૂં આમ, અરે રામ,
હાય આમ, શા કામ, અરે રામ, હાય, થાય,
હ્હાય, હાય! ફરકે છે ચિત્ત આજ પ્રભુજી મારૂં આમ૦

.નરા—(ક્રોધાવેશે પ્રવેશ કરી.) ચાલ નાદાન તું આજ વખતે મારાથી દુર થા. નીમક હરામી કુતરા તેં મારૂજ ઘર બગાડયું.!!

વીક્રમ—(ચકીત થઇ.) આશું બાત!!

શું ભાઇ આમ મુને કરી રખડતો,
સુખમાં થશોજ મગ્ન મુકી પડતો. શું૦
આપનો હુકમ માની રેહેતો હું સદા,
નહીં કોઇ કામમાં કદીએ કનડતો. શું૦

ભરથરી— (ક્ષત્રી કંલક કેમ લેશેરે—એ રાહ.)

ચુપ ચુપ બસ જાણ્યું તારૂં પાપ, ઉજેણીમાં ન હવે રેહેતોરે.
પાપી પડી વ્યભીચારી તણી છાપ. ઉજેનીમાં૦
જાણી છોરૂં તારા રાખ્યો વિશ્વાસ. ઉજેનીમાં૦
થઇ કામ વશ આપ્યો મને ત્રાસ. ઉજેનીમાં૦
જો હોત કદી આમાં બીજો જન. ઉજેનીમાં૦
તેનું છેદી છેદી વીંધી નાંખત તન. ઉજેનીમાં૦
પણ દયા તારી આવે છે નાદાન. ઉજેનીમાં૦
માટે ઝટ તું અહીથી જાને રાન. ઉજેનીમાં૦
નવ હવે મને દેખાડતો મુખ. ઉજેનીમાં૦
તેંતો લજવી છે માતા તણી કુખ. ઉજેનીમાં૦

વીક્રમ—(મને સમજે શું હેવાન શમાન—એરાહ.)

મને સમજો શું નાદાન સમાન;
નથી હું નાદાન, કે હેવાન, કે સેતાન; મને૦

ભ્રાત ભ્રાત રે લગાર, કરો દિલમાં ઃન.

ભરથરી—નથી સુજાત નાદાર, દીસે દગાખોર અપાર,
વીકરમ—જોજો આમાં ભઇ, છેવટે રેહેશો પસ્તાઈ,
માટે સમજો સમજો કાંઇ, વાત ધરી કાન. મને૦

ભરથરી— (નીર્બળ શત્રુ શબળ રાજ્યપર-એ રાહ)

ધીક ધીક પાપી જા જા અહીંથી આ શું કરવા માંડયું છે,
હાથે કરીને હૈયાફુટાં સ્વર્ગ તણું સુખ છાંડયું છે,
બસ બસ તારૂં અહીં નહીં જોઇએ કદી મુખ, (૨)
જા જા ઝટ જંગલમાં, મુજથી થા વિમુખ, (૨)
પાપી આજ લજાવી છે માતા તણી કુખ—બસ૦

વીક્રમ— રાગ ઉપરનો.

ભરથરી ભ્રાતા આ શું બોલો મતી વિસારી મનથી છેક!
નથી નથી કદીએ તોડી પાપી થઇને મેં તો ક્ષત્રી ટેક.
તોએ આરોપ આપો છે મને આજે આમ કેમ?
નથી કોઇએ ભંભેરીને ઉપજાવ્યો વ્હેમ,
પણ આપ વિચારીને લાવો દિલ રેહેમ—તોએ૦

ભરથરી— (આહા પ્રભુ ગજબ) એ રાહ.

કરનાર કુડાં કૃત્ય જા દુર દુર દુર;
નહીં તો આ શમશેરવતી કરૂં ચુર ચુર.

વિક્રમ—ભ્રાત ભ્રાત ભ્રાત થાઓ કેમ ક્રૂર.
શાને ના વિચારો ઘટે તુર તુર તુર.

પ્રવેશ ૧૦ મો.

સ્થળ ગુણકા વાસ.

ગુણવતી— (અશ્વપાળ પ્રત્યે પ્રેમથી)

(દુલહન માગે સારીન એ રાહ)

મ્હોબત મારી તુપર આ પ્રાણ;
જીગરના જંજીરમાં કર મને મેહેમાન. મ્હોબત.
મુખડો તમારો મહાતાબ સરીખો;
પરી પલક થાય પરેશાન. મ્હોબત.
મ્હોબત માગું મ્હોબત બોલું;
પ્રીત પ્યાલો પાઓ દીલજાન. મ્હોબત.

અશ્વપાળ— (રાગ ઉપરનો)

સાંભળરે ઓ નાર નવ જાન;
થઇ છે મ્હોબત તું પર મેહેરબાન. સાંભળરે.
મહોબતની નીશાન છે ગુલાબનું ફુલ.
સદા રહેજે તું તે પર કુરબાન. સાંભળરે.

લે પ્યારી યહ અમ્મર ફળ ઓર તું ખા કે અમ્મર હો જા પીછે અપને રોજ આનંદમેં દીન ગમાયગે.

ગુણવતી—હાંજી, લાઓ, જો તુમેરા એયસા ઇરાદા હય તો વો મેં હાંસીલ કર દુંગી, અચ્છા અબ હમ આ વો સે!!

અશ્વપાળ—અબતો કલ આયેગેં સુના મેં જાતા હું.

ગુણવતી—અચ્છા જીનાબ ફીર પધારીએજી.

(અશ્વપાળના ગયા પછી સ્વગત)

[સુંનો થારા રાગની ગમકી] એ રાહ.

વાહ ! પ્રભુ ગતી તુજ ન્યારી, હીમ્મત તારીછે ભારી;
કરે પય ઘૃતને તું વારી, નહીં તુલ્ય અરે કો તારી;
કુળ માહારાજાજી વાળું, આજે નજરે હું ભાળું.
છે કપટ આમાં કાળું, માટે ઝટ જઇને આળું;
તો વધશે કીર્તિ મારી. વાહ.

દાસી અબ તૈયાર હોકે ચલ ઉસ્તાદકું બોલા લાવ; કયું કે કચેરીમેં જાના હે.

દાસી—જૈસી આપકી આજ્ઞા.

(જાય છે)

ગુણવતી—[મનમાં] અબ મેં બી સીનગાર સજ લઉં.

(એમ કહી મેહેલમાં જાય છે.)

अंक २ जो.

પ્રવેશ ૧ લો.

સ્થળ રાજ્ય કચેરી.

ભરથરી—પ્રધાનજી ! મારૂં રાજકચેરીમાં આવ્યા પછી રાજ્યની કેવી સ્થીતી આગેછે તે જણાવો વારૂ ! !

તાન — ગઝલ.

રાજધાનીમાં છે રાય આનંદ આનંદ આનંદ,
નથી ચાલતાજ જુવારીઓના ફંદ ફંદ;
રાય આપ જેવા પ્રજા પામી સુખકંદ,
ઇશના પ્રતાપે ઉગ્યા સોનાનાજ ચંદ.

મ્હારાજ આજના ઉમંગમાં ઉમેરો કરવા ઇચ્છા હોયતો વારાંગનાઓને તેડાવુ?!

ભરથરી—બોલાવો ત્યારે.

(એટલામાં વારાંગનાઓ આવે છે.)

વારાંગનાઓ—ખમાચ કાફી પંજાબી ઠુંમરી.

સઇયાં તોરે પઇયાં લાગું બઇયાં ન મરોર,
અપની કહેતન સુનત કછુ મોરી;
દેખો બરજોરી કરડારી બઇયાં જકજોર. સંઇયાં૦
હું બીજનારી દેખી તોરી ચતુરાઇ,
તોરી તબ ન લાગી કાંઇ ઓરસે મોરી;
આલી સનદ પીયીસે કછુ બન ન પડત, સંઇયાં૦

મ્હાડ ચાલ કેરબાની.

છેલા મત પીને દારૂડી, હો નીંદીઆને આન જગાઇરે;
બાલમને આજ જગાઇયે, સોતીને રેન જગાઇયે. છેલા૦
દારૂની વીકી બીકી આંથે મટુકી મારે ચુડલે ચુંક જડીસી
ઉભી વાલમ અરજ કરે છે, મારો બાલમ રૂસો જાયરે. છે૦

ભેરવી દાદરો.

પીયા પાપી ન જાગેરે, હો જગાય હારીરે હો જગાય.
ઉઠરે નણંદીયા ચાલો જળ પાણી;
છોટા દીયરા ન જાગેરે, જગાય હારીરે૦
નીચે બસે ગંગા ઉપર બસે કાસી.
એક થીડીયાં બોલી મેરા પીયા બીજબાસી. પીયા૦
(ગુણવંતી ગાયન કરી રહ્યા બાદ ફળ આપેછે.)

ભરથરી—(ફળ લઇને ગુણવંતી! તું સત્ય બોલ્ય કે આ અમુલ્ય અમરફળ તારા પાસે કયાંથી આવ્યું!?

ગુણવતી—જો કે તે બાબત છુપાવવા જેવી છે તોપણ હું કબુલ કરૂં છું કે તે અમ્મર ફળ મને આપના અશ્વપાળ પાસેથી મળ્યું. ને તેના કહેવા મુજબ તેને પણ કોઇ ઉમરાવને ત્યાંથી મળ્યું છે.

ભરથરી—વારૂં ફીકર નહીં. તું સત્ય બોલી છે તેથી તને કાંઇ પણ ઇજા થવાની નથી. (પ્રધાન તરફ ફરીને) પ્રધાનજી! આ વખત અશ્વપાળને પકડી મંગાવો.

પ્રધાન—જેવી નૃપેંદ્રની ઇચ્છા!

(અશ્વપાળને પકડી મંગાવે છે.)

ભરથરી—બોલ્ય અલ્યા તારા હાથમાં આ અમરફળ ક્યાંથી આવ્યું?

અશ્વપાળ—મહારાજ, વો તો મેરેકુ રસ્તેમેસે મીલા.

ભરથરી—અરે નાદાન! સત્ય બોલ્ય નહીંતો ઠાર કરીશ.

અરવપાળ—(ગભરાઇને) મેરી માશુક પીંગળાને દીઆ હય. (આ સાંભળી સર્વે આશ્ચર્ય પામે છે.

ભરથરી ક્રોધ ભરી આંખ્યે.

ભરથરી— (કયા ખુદાને યહુ કીઈ હય. એ રાહ.)

વાત સુણીને તારી આવી આ.
દીલ મારૂં બહુ ડોલી રહ્યું.
શું વ્યભીચારી નીવડી નારી,
કપટ કરીને મુજને ભારી,
અરરરરર શો આ ઉત્પાત !

(દેખા દંગઇંકા. એ રાહ.)

ધન્ય તને હે નાયકા, જગતમાં ધન્ય તને હે નાયકા,
ખરી જાન છે સુજાન, કર્યું પોકળ પ્રકાશ;
ઘણી નાયકા ચતુર, તેં બતાવ્યું તે પુર;
પ્રત્યક્ષ તારી વાયકા ધન્ય૦

જે પાપણીનો મેં વીશ્વાસ કીધો તેજ રંડાયે મને દગો દીધો. ઠીક છે. વારૂ પ્રધાનજી હાલ કચેરી બરખાસ્ત કરો. હું તેની પુર્ણ તપાસ કરૂંછું, તમે પણ મારી સાથે ચાલો.

(કચેરી બરખાસ્ત કરી સર્વે જાય છે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ—ભરથરીનું તરંગ મેહેલ.

ભરથરી—જોયુ પ્રધાનજી!

ભરથરી—(એસે ધોકા હને વાલે એ રાહ.)

વાહ જગમાં ઠગારી નારી, આજે મેં નીહાળી ટેક.

ખુબ ચાલાકી ચલાવનારી, પ્રેમમાં પલળાવનારી;

રંગ રસમાં રમાડનારી, જારમાં ઝડપાવનારી. જગમાં.

ભલભલા જનનું મન હરી, વશ કરી, ધન હરી, કદી નહીંએસે ઠરી.

નાંખેછે ખુવાર કરી, કરે ખોટા ખોટા પ્યાર, સાંધે સ્વાર્થ તે અપાર

ઘણા છાનો રમી જાર, વળી થાયે સતી નાર. જગમાં.

કોઇ હાજર હૈ કે? જાઓ અબી રાણીને બોલાવ.

પ્રધાનજી તમે આ વખત પડદા પાછળ છુપાઇ જાઓ.

પ્રધાન—જેવી આપની ઇચ્છા. પણ જોજો એકદમ સાહસ કરતા.

(પ્રધાન જાય છે ને રાણી આવે છે.)

પીંગળા—કેમ પ્રાણનાથ! શી આજ્ઞા??

ભરથરી—પ્યારી, મેં જે તમને ફળ આપ્યું હતું તે તમે ન ખાધું હોય તો આપણે બે જણ લાવો અરધો અરધ ખઇયે.

પીંગળા—તેતો હું અભાગણી ખઇ ગઇ. જો મને માલુમ હોત તો રહેવાજ ન દેત.

ભરથરી—ઘણું સારૂં કર્યું. ખઇ ગયાં તો જુવો આ બીજું અમ્મરફળ આજ હું લાવ્યોછું તે લાવો આપણે બે ઉધો અડધ ખઇ જઇએ. (પીંગળા ફળ જોઇ કંપે છે) શા માટે ચમકોછો સલુણી ! ! !

ભરથરી—આરામ નથી કે ! (લાત મારીને) પાપ પ્રકાશ થયું તેથી ? દુષ્ટા તારૂં પાપ આજ ભરાઇ ગયું. (પ્રધાનને) પ્રધાનજી બહાર આવો. ને પાપી અસ્વ પાળ તથા ભલી ગુણવતીને બોલાવો. (સરવે આવેછે.) પ્રધાનજી ! આ નીમકહરામ અસ્વપાળને ઠાર કરો તથા સુગુણી ગુણવતીને પાંચ હજાર મ્હોરો ભેટ આપો. ને આ દુષ્ટાને દંડ એટલોજ કે હું તેને પરહરૂં છું તથા ભ્રાત દુભાવનાર ભરથરીને પણ દંડ દેવા યોગ્ય ધારી રાજ તજુંછું. ને આ ન્યાયની ખાતર ધનામમાં ભગવો વેષ ધારણ કરી સુમાર્ગ ગ્રહુંછું (એમ કહી વસ્ત્રો ઉતારી ભગવો વેષ ધારણ કરે છે. બાદ

ગજલ.

પુરૂષ નારીથી ઠગાય એમાં શું અજબ,
એ ધુતારીઓ કરે ઘણા ઘણા ગજબ. પુરૂષ૦
કંઇકને ખુવાર કરી કંઇકને માર્યા,
મોટા મોટા વીરનો મરવાનો એ સબબ. પુરૂષ૦

પીંગળા— (દયાળુ દેવ કૃપાળું તું—એ રાહ.)
અરેરે નાથ, જોડું છું હાથ, કરોને ક્ષમા, થયો અપરાધ.

ભુલી નાદાન, થઇ હેવાન, પડી કામ વશ, રે પ્રીય પ્રા
મળી સોબત, ભુંડી ભારી, પડી પરવશ રમી જારી.
પુરવનાં પાપ, નડયાં આજે, તજી તેથી, મને રાજે.

ભરથરી— પદ.

કરના ફકીરી ભજના સાહેબ, કયા બીરાની આશરે.
ઘેર ઘેર ટુકડા માંગકર ખાના, કછુ ન રખના પાસરે. કર
ખભે કામલીયાં,ને હાથમાં તુમડીયાં,જંગલ કરનાં બાસરે.ક

પીંગળા— પીતાજી આ કોપ એ રાહ.)

અરે માહારાજ કૃપા કઇ કરી,
ન જાઓને સ્વામી દયા દિલ ધરી;
નહીં જોગી થાવા કદી હું તો દઉં,
મરૂં આપ પુંઠે જુદી નહીં થઉં,
થયો અજ્ઞાનપણામાં જે વાંક.
કરો ક્ષમા સ્વામી ગણીનેજ રાંક;
હવે હું કદી નહીં કરૂં કુડું કૃત્ય,
સુંણો જો કદી તો મને દેજો મૃત્ય, ૧૧

ભરથરી— પદ.

સંગત મત કરના ખોટી, દુનિયા ઉલટી હે જુઠી. ટેક.
સગા ભાઇ સો જુઠા બોલે, સાલેકુ સનમાન,
ભાઈ બાપ તો ભીખ માગે, સસરેકુ દે પકવાન. સંગત.
કોરી કોરી માયા જોરી. લાખ કરોરા મોટા;
ભીઠી આઇ રામજીકી, અબ લગાડીયા લંગોટા. સંગત.

લાવણી.

જાના જંગલમેં હમારે જાનાં જંગલમેં;
રામનામકું રટલે દીલમેં, કયું કે કાયા પડંત પલમેં. જાના૦
ગુરૂ જાલંધર કે મહોચરના, કટે તેરા જન્મ અઉર મરના;
યહ સંસાર સમુદ્રસે તરના બુડમતી છીલમેં. જાના૦
બાતઅમારીમાન તું મનમેં ચેતઅરે ચાતુરઅલકમેં. જાના૦

પીંગળા— (ન બોલો તારા તારા એ રાહ.)
ન જાઓ પ્યારા પ્યારા, હે પ્યારા, ઓ મારા. ન જાઓ
છો પ્રાણથી પ્યારા, થશો નહીં ન્યારા, જશે પ્રાણ મારા. ન જા
આપ છો દયાળુ સારા, કરો કેમ આગ ધારા;
બળે ઝાળે અંગ મારા, થશો નહી ન્યારા, જસે પ્રાણ મારા. ન
પ્રીતમ પ્રીત આમ શું, તોડી દો આ હાર,
મેં દુ:ખીઆરી આપ વીણ ઝુરૂ અપરંપાર.
માટે સ્વામીજી જરા સુખ દીજીએ,
પડું ચરન આપ શેવામાં લીજીએ પ્યારા. ન જાએ. ૧૧

ભરથરી—ચલ્લ છોડ પલ્લા, અબ મેરે તેરે કયા હુય.

(જાય છે.)

પ્રવેશ ૩ જો.

સ્થળ—ગામનું પાહર.

(ભરથરી ભગવા વેષે આવે છે, પાછળ પ્રજા આનંદ કરે છે.)

પ્રજા— ગોપીચંદનનો રાગ.

ઉજેનપતી આ, કરવા માંડયો છે કોપ શો!

ભરથરી—ઈસ્વરની ઈચ્છા, એમાં કરવોરે શોચ શો?

કર્મ લેખ જ્યાં સુધી સવળા, ત્યાં સુધી હોય સુખ,

અવળા થાતાં અળગારે' સૌ, પડે કાયાએ દુખરે ઈશ્વર.

પ્રજા—પણ માહારાજા આપ વીના કદી, પડે નહીં દીલચેન

પુત્રની પેઠે પાળે કોણજ, રક્ષા કરી દીન રેનરે. ઉજેન.

ભરથરી—વ્હાલી પ્રજા શાન્તી પામો, મોકલું વીક્રમ વીર,

જઈને ઝટ જંગલ માંહી, પછી થાશુ ફકીરરે. ઈશ્વર.

પ્રજા—વીક્રમને વેગે પ્રભુ, મોકલજો આ ઠાર,

નહીં તો નિશ્ચે જાણો અમે, પડશું નીરાધારરે, ઉ૦

ભરથરી—વેગે વીક્રમને સમજાવી મોકલી દઈશ તતકાળ,

ભેખ ધરીને વન વન ભટકી, મેળવી તેની ભાળરે, ઈ૦

પ્રજા— ગજલ.

ઉજેણીની હાય પ્રભુ શી થશે ગતી,

છોડી તોડી પ્રીત ચાલી ગયા મહીપતી. ઉજેણીની.

આશરો તમારો હવે છે જગપતી,

લઈ સંભાળ, ચિરકાળ વિદાર વિપત્તી. ઉજેણીની.

ભરથરી—દશા ચક્ર ગતી ન્યારી, ફરતી સૌના ઉપર સહુ છે

પશુ પક્ષી જસ જંતુ, માથે પડી તે સહે છે.

(સૌ જાય છે.)

પ્રવેશ ૪ થો.

સ્થળ—જંગલ.

(વિદેશે નીકળેલો વીક્રમ શુભ શુકન થવાથી,)

વીક્રમ— ચલતીનો રાગ.

પ્રભુ પુરે શું આજ મારી હામ હામ હામ;
સેદા રાખે ખુસીમાં હવે રામ રામ રામ.
ધાર્યું થશે શું હવે કામ કામ કામ;
જશ પામીશ જગમાં હું ઠામ ઠામ ઠામ.

(એટલામાં સામેની ઝાડીમાંથી ભરથરી આવે છે.)

ભરથરી— અફસોસ કે આંખોએ એ રાહ.)

હે ભાઇ ભુલ્યો ભરથરી ભારે બુદ્ધીવાન,
નારીના ભરૂસે હું થયો છું હેરાન. હે ભાઇ૦
અસાર આ સંસાર હવે નથી ગમતો;
દીધું તને દુઃખ તે વિયોગ દમતો. હે ભાઇ૦
હવે રાજ પાઠ ભાઇ જઇને સંભાળ,
પ્રજાની પીડા હરી થાને તું દયાળ. હે ભાઇ૦

વીક્રમ—હો ભાઈ મારા સંકટ શી રીતે સેહેવું,
ભરથરી—છે ઇશ્વર ઇચ્છા માટે વિયોગે રેહેવું. હે ભાઇ૦
વીક્રમ—રેહેતાં સ્હેતાં સાથે ભાઇ સુખને દુઃખ સદાય,
હવે એકલાં રેહેવાથી મુજ મનને કંઇ કંઇ થાય. હો૦
ભરથરી—સમજું ભારી કંઇ વિચારી હવે રાજ્ય સંભાળ,

પ્રજા બીચારી એકલી પડી થઇ જશે કંગાળરે. હો૦

ભરથરી—ભાઇ હવે બનવા કાળ બન્યું માટે તું રાજમાં જઇ ગાદી સંભાળ હું ગુરૂ પાસે જઇ ફરી તને મળી જઇશ.

(બંન્ને જાય છે.)

પ્રવેશ ૫ મો.

સ્થળ—જંગલમાં જોગીઓનો અખાડો.

જોગીઓ— લાવણી.

અહાલેક જાગે ગુરૂજી અહાલેક જાગે;
કોણુ કીસીકા બેટા ગુરૂજી અહાલેક જાગે.

ભરથરી—સબ સંસારકુ છોડ દીયા ઓર રાજપાટ ત્યાગે,
શેવા સુમરન કરના નીશદીન રેહેના ગુરૂ આગે. ગુરૂજી૦
કામ ક્રોધ મદલોભકો તજદે તજદે અનુરાગે,
આદી પુરૂષ એક નામ રટેસે ફ્રુત્યો ભાગે. ગુરૂજી૦

ભરથરી—માહારાજ ! અબ મેરા જી સંસારમેંસે ઉઠ ગયા હય, ઉસ લીએ મુજકો આપકા ચેલા કીજીએ.

ગુરૂ—બેઠ બચ્ચા ! મગર સુન મેં તેરકુ ચેલાતો કરતાહું પણ તુમ એકવાર યહ ચેલા સાથ તુમારા મ્હેલપે ભીખ લેકર આઓ. ક્યું કે જો તુમેરેમેં માયા હોગી તો તુમ જોગ નહીં સાધ શકોંગે.

-.રથરી—અચ્છા ગુરૂજી! જેસી આપકી આજ્ઞા. (ચેલાઓ સાથ ભરથરી જાય છે.)

પ્રવેશ ૬ ઠ્ઠો.

(સ્થળ—ઉજેનીમાં ભરથરીનો મ્હેલ.)

(ભરથરી જોગીઓ સાથે ભીક્ષા લેવા આવેછે તેને જોઇ.)

દાસી— (એસે ધોકા દેને વાલે. એ રાહ.)

જુઓ અલેક જગાકે બાઇ ભરથરી આયા આંઈ ટેક.

ભગવા બનાયા બાઇ, સીરકો મુંડાયા બાઇ,

સીંગીકો સનેહુ સાઇ, દ્વારપે રહ્યા બજાઈ. જુઓ૦

રાણી—જારીઓ દદ્દારી મારી કરૂંગી બેજારી મોહેનજાને તુનજાને

મેં ખાલકો ખીચવાઇ ડારૂં પહેછાને ન પહેછાને,

દાસી—કોપ મતી કીજે માત,

રાણી—મારૂંગી મેં તોહે લાત,

દાસી—સચ્ચે સચ્ચી કહેતી બાત.

રાણી—ચુપ રહે તુમ કમજાત, જુએ૦

નાથ તજકે પ્યાર નવ જાવે કદી બ્હાર ઉસ્સે ન જાને તું ન જાને

તું મેરે દીલકી ઓદારકો કયા પહેછાને ન પહેછાને.

જોગી ખડે હુએંગે દુવાર, મતી કર તું શોરો સાર;

દાસી—ચાલો જાકે દેખે બ્હાર,

રાણી—મારૂંગા મેં તોહે માર;

દાસી—કરો મતી ગમ;

રાણી—તેરા લે લુંગી દમ,

દાસી—ગુસ્સા કીજીએ નરમ;
રાણી—મોહે મીલેગી સનમ.
જાઓ જાઓ ઝટ જાઓ યહાંસે મેરે દીલકો જલાથા, જુઓ૦
બાઇ સાહેબ આમ ગુસ્સે થઇ ન જાઓ. જરા બ્હાર
આવી જુઓ તો ખરાં. પછી જો જુઠું બોલતી હોઉં તો
મને શીક્ષા કરજો.
પીંગળા—(જોઇને.) હાય! પ્રાણનાથ! શું આપે મને છે-
કજ પરહરી, દૈવ! દૈવ! મારી શી ગતી! હવે મારે
કોનો આધાર!
પીંગળા— લલીત છંદ.
અરર નાથરે, છોડ કયું ચલે, અજબ છતીઆ, આજતોજલે;
આપકે બીના, કયા અરે કરૂં, પ્યારે નાથ બીન, ઝેર ખા મરૂં.
જુરૂ આપકા, કયું ન મર ગયા, કાન ફોડને, આઇ ન મયા.
ભરથરી—અબ તુમ સ્ત્રી ચરિત્ર છોડકે હમકુ ભીક્ષા દે દે
માઈ!
પીંગળા—નાથ! આપ શું બોલોછો! અરરર દૈવ!
ભરથરી—દશા આ શી થઇ મારી. એ રાહ.
બટા શીરપે, દીયા ભારી, અરે નારી, વ્યભીચારી. ટેક.
શરમ નહીં આઇ જરા, કીઆ અરે કુકૃત્ય;
લાજ છોડદી જગતકી, છોડ દીઆ પુની સત્યં.
કટારી ગમત મારી, બટા શીરપે દીયા ભારી. અરે.
ડરી ન દીલમાં લેશ તું, કરનેમેં વ્યભિચાર,
ઘાત કરતા'તા તુજકી પણ મેં હું લાચાર.
કાં દેતાં અંગ મેં બારી બટા શીરપે દીયા ભારી. અરે.

રાગ ભરથરીનો.

પીંગલા— (જનુની જીવોરે ગોપીચંદની એ રાગ.)

સ્વામી ક્ષમા કરો મને, હું છું અજ્ઞાન નારજી!
આપ અતી દયાવાન છો પરદુ:ખ ભંજન હારજી.
ક્રોધ તજો પ્રભુ માહારા.
ફુડીરે સોબતથી કામમાં, વસ થઇ પડી અંધજી;
માટે નિરદોષ ધારીને, બાંધો પુન: પ્રેમ બંધજી,
ક્રોધ તજી પ્રભુ માહરા.

ભરથરી—ચરિત્ર રાણી છોડો તમે, હાથે શોધીને કુપજી;
પડયાંરે તમે તેમાં શુ કરે, ભોગી થઇ હવે ભુપજી.
હવે તો અલેક જગાવીશું.
ગુરૂજી અમારા ગુસ્સે થશે, માટે આપોને ભીખજી;
હજી જાવું સારા શેહેરમાં માટે છોડી દીયો છીકજી.
હવે તો અલેક જગાવશું.

પીંગળા—આમ દયાહીન રાજ થઇ, બોલોછો કેમ વેણુજી
દયા લાવો માહરી, જોઇ હાલત નેણજી.
ક્રોધ તજો પ્રભુ માહરા.
રાજ કાજ સુનાં પડયાં, કરે દુશ્મન કેરજી;
ગાદી ફરી હાંસે અહી, વાળો તેમનું વેરજી,
ક્રોધ તજો પ્રભુ માહરા.

ભરથરી—રાજ કાજ નથી ભાવતાં, નથી દુશ્મનથી વેરજી;
નાથ નીરંજનને ભજી, કરશું જંગલે લ્હેરજી.

હવે તો અલેક જગાવીશું.

વીક્રમ—બ્રાત બ્રાત પ્રીય બ્રાતરે, માનો મારૂં વચનજી;
રાજ ગાદી તમે જાળવો, કાઢી નાંખી કફનજી.
ક્રોધ તજી પ્રભુ માહરા.

ભરથરી—રાજ ગાદી તને ભાળવી, સંપે ચાલો સૌ સાથજી
હમારે મને હવે એક છે, શ્રી ત્રીભુવન જગના નાથજી.
માટે અલેક જગાવીશું.

ભરથરી—ભાઇ હવે શોચ છોડો. ને પ્રધાનજી સાથે હળી-મળી ચાલો. હુંજ તમને મારે હાથે રાજ ગાદી સોંપી ભેખ ધારણ કરૂંછું.

વીક્રમ—જેઇ બ્રાતા ! આપ આમ આગ્રહ કરોછો તો જે-વી આપની ઇચ્છા. (પ્રધાનજી વીગેરે આવે છે સરવે સાથે જાય છે વીક્રમને રાજ તાજ પેરાવે છે બાદ)

બધાં—જગમાં કરૂણા કર અકળગતી;
નવ કોઇ પામે પાર. જગમાંo
તરૂણાનો તુ મેરૂ કરે છે, જળને સ્થાને સ્થળ,
સુર્ય ચંદ્ર સર્વ તારા, આહા અતીશય બળ, જગમાં.
વીક્રમ વીરને ગાદી આપી, ભરથરી ધારી જોગ;
ક્ષણિક આ સંસારની માયા, ધારી ત્યાગો ભોગ. જગમાં

વારાંગનાઓ—જન મન જાણ જગદીશ્વર જીવન;
ધરમ ધીર ધરનાર તું ધનન,
હર હર હર હર બોલો જય જયકાર, જગમાંo

नाटक पात्रो.

स्थळ ओळाख्यांग पतन.

पानाचंद	...	...	एक शाहुकार वणिक.
मनोरमा.	...	...	पानाचंदनी स्त्री.
कपुरचंद.	...	...	पानाचंदनो पुत्र.
आगाखान.	...	...	एक मोटो वेपारी ओजो.
सोमचंद प्रेमचंद नेमचंद	...	...	आगाखानना गुमास्ता.
आनंदीराम	...	...	आगाखाननी पेढीनो मुनीम
अडभम	...	...	पानाचंदनो गुमास्तो.
पेथीओ.	...	...	पानाचंदनो चाकर.
भगलो	...	...	एक हजाम.
जमना	...	...	तेनी स्त्री.
लालशाराम.	...	...	एक ब्राम्हण.

महेताजी, सीपाइ घोडावाळो, वाजावाळो, कंदोई वीगेरे पानाचंदना लेणदारो. वीगेरे वीगेरे.

ना. कपुरचंद पानाचंद सी. एस. आइ. एल. एम. बी. अने पाछळथी एस. ए. डी.

नुं रमुજ હાસ્ય કારક ફારસ.

अंक १ लो.

પ્રવેશ ૧ લો.

સ્થળ પાનાચંદનું ઘર.

પાત્ર—પાનાચંદ અને મનોરમા

પાનાચંદ વિચારમાં બેઠાછે ત્યાં તેની સ્ત્રી મનોરમાં આવેછે તે પાનાચંદને હલાવે છે એટલે ચકિત થઈ તેના શામુ જુવેછે એટલે મનોરમાં.

મનોરમાં—કાંઈ સુજ પડે છે.

પાનાચંદ—(ગભરાય લે ચહેરે.) શું છે શું ?

મનોરમાં—[શક્રોધથી] હોય શું !! તમારે આખા ગામમાં રખડતું ફરવું, ને લોકોની પંચાતો કરવી.

પાનાચંદ—પણ છે શું ? તે ભશી સરીશ !

મનોરમાં—મરી ગઇ હોતતો નિરાંતજ થાતને! આવડો મ- ટો કપુરીઓ ધગો છે, તેની કાંઇ તમને સમજણ પ- ડેછે? વહુ પણ હવે મોટી થઇ છે! તેના મા બાપને તો સમજણ ના પડી, પણ હવે તમારે કાંઇ તેનું કર વુ છે! કાલ કોને દીઠીછે! "લીધો લાવોને ખાધો મા- વો. એજ ખરૂં છે. ઘડી પછી શું થશે તે કોને ખબર છે માટે મારે તો હાલમાં ને હાલમાં મારા કપુરીઆ ના લગન કરવાંછે.

પાનાચંદ—એજ કે બીજું કાંઇ! ઠીક છે! જોઇશું.

મનોરમાં—જોઇશું તે કયારે! વરશે બે વરશે! એ કાંઇ બનવાનું નથી. મારેતો હાલને હાલ લગન કરવાનાછે.

પાનાચંદ—(સમજાવાની રીતે) તું સમજુ થઇને કેમ આમ બોલે છે! તું જાણેતો છે હાલ આપણાથી કેવા રીતે લગન થાય! કે જો વારૂ?

મનોરમાં—(છણકાથી) જો કરવું હોયતો બધુ થાય! શું કોઇ વેપાર નહીં કરતા હોય? એતો બધાં ન કરવાના બાના જાણીએ છીએસ્તો કે છોકરો તમને વા'લો નથી આટલો મોટો થયો પણ એક પાઇ સરખીએ એના નમદની ખરચીછે! એતો હું જીવુંછું ત્યાં સુધી ઠીક છે! દુનિઆમાં કહેવત છે કે, "માતે માયો, ને બાપ ખાટલાનો પાયો છે ત્યાં સુધી છોકરાંને સર્વ છે. તમે ગમ તેમ કરો પણ હાલમાં મારા છોકરાના લગન કર્યા શિવાય નહીં ચાલે.

..નાચંદ—ક્યાંથી તારા છોકરાના લગન કરવાં! તારે તો લગનની વાત છે, પણ મારૂં તો મન જાણેછે, મારી પાસે હાલમાં કાંઇ પૈસા નથી જે હું તારા છોકરાના લગન કરૂં.

મનોરમા—(સક્રોધ.) પૈસા ન હોયતો ચપણીયુ લઇ ગામમાં ભીખ માગો આમ બાયલાની પેઠે શું બેશી રહ્યાછો આટલું ત્યારે વધારે ક્યાં હજી તમારો વટકશી થયોછે લેવા આવશે ત્યારે થઇ રહેશે.

પાનાચંદ—(ગુસ્સાથી) એમ મારાથી કહાપી ના બને!

મનોરમા—ના બને તો રહ્યું આ તમારો છોકરો ને તમે હું તો મારે પીયર આ ચાલી (એમ જાયછે એટલે.)

પાનાચંદ—(મનસાથે) વલી આ રાંડ તેના પીયર જઇ, મારી પુરી ફજેતી લુટાવશે જે કાંઈ હાલમાં મારી પાસે થોડુ ઘણું રહ્યું છે, તે, લોકોને જાણ થવાથી લઇ જશે. માટે ચાલ! હાલજે ચાલતા વટમાં થયું તે ખરૂં. વલી સ્ત્રી હઠછે તે કોઇ ઉપાયે તજે તેમ નથી ઠીકછે જેમ બને તેમ ખરૂં. એતો સૌ સારા વાના થશે ચાલ, પાછી બોલાવી લાવું; નહીતો વલી પંચાત પડશે (જઇને પાછી બોલાવી લાવેછે તેને હસીને) અરે વાહરે!! મસ્કરીમાં એ તું તો રીસ ચડાવે એતો હું તારો લટકો ને ચટકો જોવાનું અને તારા સુંદર બોલ સાંભલવાનું મન થયું, તેથી તારી મજાક કરતો

હુનો બોલ પણ હુવે, આપણા કપુરીઆના લગ્નમાં કેટલા રૂપીઆ જોઇશે, તે મને પહેલાં કહે, એટલે હું તેની સવડ કરી લાવું.

મનોરમા—(જરા વિચારીને હયો ત્યારે જાઓ પચાસેક હજાર રૂપૈઆનો જોગ કરી લાવો.

પાનાચંદ—(માથે ઉપર હાથ ઠોકતો) અઓ બો બોબો!!! એટલા બધા રૂપૈઆ!!

મનોરમા—જો એટલા વધારે પડતા હોય તો ચાળીશેક હજાર લાવો.

પાનાચંદ—હુવે જરા કાંઈ ઓછાકર, એટલે થયું.

મનોરમા—ત્યારે ત્રીશ હજાર લાવો. પછી કાંઇ ?

પાનાચંદ—ના, ના, એટલા બધા નહીં. પાંચ હજાર લાવીશ,

મનોરમા-(ગુસ્સે) પાંચ હજારે શું થશે; તમારા બાપનું કપાળ! જુઓ સાંભળો આ દશ હજાર રૂપઇઆ તો મારે એકલીને કપડા લત્તામાં જોઇશે, પછી રહ્યા વીસ હજાર તે કાંઇ નાતબાત કરશોકે કાનમાં.

પાનાચંદ—(દશ હજાર કપડા લત્તાના સાંભળી) તારે દશ હજાર શેમાં જોઇશે ? એતો મને બતાવ ?

મનોરમા—કેમ વારૂ ? જુઓ, સાંભળો ! પ્રથમ તો મારે સાડી મોતીની કોરની ચાર હજારની જોઇશે. ને વળી ઘાઘરો બે હજારનો જોઇશે. અને વળી કાંચળી એક હજારની જોઇશે બાકી રહ્યા જે ત્રણ હજાર તે પર-

ચુરણ હાથ ખરચીના જોઇશે. ઘરેણા ગાંઠા તો તમારી ખુશી હોય તે પ્રમાણે કરાવજો, આપણે તો સારાં હશે તો પેહેરીશું નબળાં ચાલવાના નથી ઘણે વરસે ટાણું આવ્યું તે શું કાશદીયું કરીશકે? મારાથી તો એમ નહી થાય! મારૂ ભુંડુ બોલે તે મારાથી તો ખમાય નહીં.

પાનાચંદ—ઠીક છે. ત્યારે તારા કહ્યા પ્રમાણે સવડ કરી આપું છું પછી કાંઇ! હવે તું તારી વેતરણમાં રહેજે આપણે તો રૂપઇઆ લાવવાના શરીગત કામકાજ સઘળું તારે શીર છે.

મનોરમા—ને વાતની કાંઇ ફિકર ન કરવી.

પાનાચંદ—તે ત્યારે જાઉંછું;

મનોરમા—વારૂ વેહેલા આવજો શુભ કામ કરીને.

(પાનાચંદ જાય છે રૂપૈઆની સવડ મારે અને મનોરમા ઘર કાર્યમાં ગુંથાય છે.

પ્રવેશ ૨ જો.

સ્થળ પનાલાલજી મારવાડીનું ઘર.

પાત્ર—પનાલાલજી અને પાનાચંદ.

(પાનાચંદ ઘર બંધ હોવાથી બહારથી કમાડ ઠોકતો હારો પાડે છે).

પાનાચંદ—(ઉંચેસ્વરે) એ પનાલાલજી, એ પનાલાલજી, ઘરમાં છો કે?

પનાલાલજી—(અંદર નામુ લખતો હતો ત્યાંથી) એ કુન હે ગો ?

પાનાચંદ--એતો હું પાનાચંદ !

પનાલાલ—(અંદરથી) એ ઉઘાડુ હું. પાનાસંદજી હેઠ ? (એમ કહી, ચોપડો નીચો મુકી બારણા ઉઘાડવા જાય છે.) બંને અંદર આવી નીચે બેસે છે. પનાલાલજી ચોપડો હાથમાં લઇ નામું લખવા માંડે છે. ને વાતો કરે છે.)

પનાલાલજી--કાઉં વે પાનાસંદજી હેઠ ? કાંઇ પધારીઆ ?

પાનાચંદ--જાણે કે આપણા કપુરચંદના લગન કરવાં છે, તે થોડાસેક રૂપૈઆનો ખપ પડયો છે.

પનાલાલજી—ખપ હોવે તો લઇ જાઓ પરો પણ હેઠજી, વ્યાજ તીન ટકારો પડેગો.

પાનાચંદ--(આ સાંભળી સ્તબ્ધ થઇ) નારે મારા બાપ ! એટલું વ્યાજ ભરી દેવાળુ કાઢવું છે કે શું!

પનાલાલજી--ત્યારે આપકી ખુશી. હમારે હઠાને ઓશું નહીં પડે.

પાનાચંદ—ઠીક, પણ અમારા કપુરચંદના લગનમાં તો આવજો.

પનાલાલજી—ઠીક હે હેઠજી! (ચોપડો બંધ કરીને) ઉભા રો હેઠજી! હું પણ બજારે આવું હું. (બન્ને જણ

જાય છે. પનાલાલજી બજારે જાય છે ને પાનાચંદ નાનકચંદ જવેરીને ત્યાં જાયછે.

પ્રવેશ ૩ જો.

સ્થળ નાનકચંદ ઝવેરીનું ઘર,

પાત્ર—નાનકચંદ, તેમનો ગુમાસ્તો લહેરવો અને પાનાચંદ

(નાનકચંદ જવેરાત લઇ બેઠા છે ત્યાં પાનાચંદ આવી)

પાનાચંદ—(સલામ કરી) સલામ સાહેબજી.

નાનકચંદ—(અવાજ આવવાથી ઉંચુ જોઇ, પાનાચંદને દેખી; હાથમાંનું જવેરાત નીચે મુકી ઉભા થઇ)આવો આવો પાનાચંદજી શેઠ! આજ ઘણે દીવશે અમારૂં ઘર પાવન કર્યું ને શું !!! (એમ કહી બંને જણા નીચે બેસે છે)

પાનાચંદ—આપણી પાશે, સેંજ કામ સારૂં આવ્યોછું.

નાનકચંદ—શું છે સેઠ બોલો? કંઈ કામ હોય તે આવણો સેવક બજાવવા તૈયાર છે.

પાનાચંદ—આપણા કપુરીઆના લગન કરવાં છે તેથી થોડાક રૂપૈઆનો ખપ પડયો છે. વ્યાજ આપની મરજી મુજબ આપીશું.

નાનકચંદ—(ચીલે મુખે) લાચાર છુ શેઠ, આપે ઘણે દીવસે મારે ઘેર પગલાં કર્યાં ને આપણું કામ કરવામાં પાછા પડવું પડે છે. શું કરૂં; હાલમાં હું માલમાં

ભરાઈ ગયો છું સઘળું નાણું માલમાં પેસી ગયું. ઉલટા પાંચ દશ હજાર બજારના દેવા થઇ ગયા છે. છુટ હોતતો જરૂર આપને વગર વ્યાજે આપત. પણ હાલ નથી એટલે એનો શો ઉપાય. જો આપ છ મહીના સુધી સબુર ખમો તો કાંઇ માલનો વકરો થાય તો આપને જોઈએ તેટલા રૂપઆ આપું.

પાનાચંદ—કાંઇ નહીં સાહેબ! એ તો વેપારના કામ છે, એટલે એમજ ચાલ્યું જાય છે. લ્યો બેસો હવે હું જઇશ.

નાનકચંદ—બેશો તો ખરા શેઠજી. હજી આવે તો વાર થઇ નથી ને જવાની વાત કરો છો પાન ખાતતો ખા ઓ (ગુમાસ્તાને) અલ્યા લહેરવા શેઠને પાન સોપા રી આપ.

લહેરવો—લાવુ છું સાહેબ. (પાન સોપારી અંદર લેવા જાય છે)

નાનકચંદ—કપુરચંદનાં લગનમાં કેટલા પેસા વાવરવા ધાર્યા છે શેઠ?

પાનાચંદ—દશેક હજાર.

નાનકચંદ—અરે વાહરે શેઠ! તમે મોટા આબરૂદાર થઇને દશ હજાર રૂપઇઆમાંજ લગન કરવા ધારો છો? તમારે ઘેર તો આ પહેલ વહેલું ટાણું છે. હવે બીજું ટાણું હાલમાં કયું આવે તેવું છે. જે કંજુસાઇ કરો છો? જીવ મોકલો રાખો મારા સાહેબ! દુનિ-

આમાં લગન સમાન બીજો હરખ કીયો છે?

લહેરવો—(આવીને) લ્યો સાહેબ પાન (પાન નાનકચંદ લઈ પાનાચંદને આપે છે.) સાહેબ રસોઇ તૈયાર થઈ છે. શેઠાણી આપના વાસ્તે બેશી રહ્યાં છે.

નાનકચંદ—આવું છું જા કહે અંદર.

પાનાચંદ—સાહેબ હવે રજા માગુછું.

નાનકચંદ—હા, પધારો શેઠજી. (પાનાચંદ ચુનીલાલને ત્યાં જાય છે અને નાનકચંદ માલ સમટી જમવા સારૂ ઉઠે છે.)

પ્રવેશ ૪ થો.

સ્થળ—ચુનીલાલ શેઠનું ઘર.

પાત્ર—ચુનીલાલ, વિશ્વદત્ત ભૈયો અને પાનાચંદ શેઠ.

ચુનીલાલ બેઠા બેઠા હોકો પીયે છે ત્યાં પાનાચંદને દુરથી પોતાના ઘર તરફ આવતા દેખીને પોતાના ભૈયાને.

ચુનીલાલ—વિશ્વદત્ત ?

વિશ્વદત્ત—(પાસે આવી સલામ કરી) જી સાહેબ.

ચુનીલાલ—સુનો, આજ હમારી તબીયત અચ્છી નહીં હવે ઉસ વાસ્તે અમ ઉપર જાતે હયે. ઔર કોઇ આદમી અમારી પાસ આવે તો, બોલના કે શેઠ બહાર ગયે હયે કોઇકું હમારી પાસ નહીં આનેદેના

વિશ્વદત્ત—બહોત અચ્છા સાહેબ (ચુનીલાલ જટપટ પો-

તાના શયનગૃહમાં જતા રહેછે. થોડીવારે પાનાચંદ આવે છે તે સિપાઇને.)

પાનાચંદ—(વિશ્વદત્તને) કેમ ભૈઆજી? શેઠ ઘરમાં છે કે ?

વિશ્વદત્ત—નહીં હયે સાહેબ શેઠ કુછ કામ કે લીયે બહાર ગયે હયે. આપકું કયા કામ હયે? બોલ જાઓ આયગા જબ કહુંગા.

પાનાચંદ—(દુરથી દેખેલા તેથી) શેઠ હમણાં બેઠા હતાને?

વિશ્વદત્ત—નહીંજી. શેઠતો કબશે બહાર ગયે હયે, ઓતો શેઠજીકા સાળા ઇધર બેઠા હોતા.

પાનાચંદ—(મનમાં સમજી, બોલ્યા વગર પાછા વળી; અમીચંદને ત્યાં જાય છે.)

પ્રવેશ ૫ મો.

સ્થળ—અમીચંદનું ઘર.

પાત્ર અમીચંદ, તેમનો ગુમાસ્તો અને પાનાચંદ.

પાનાચંદ આવી ઘરની અગાશી હેઠળ ખુરશીઓ વીગેરે મુકેલુંછે, ત્યાં આવીને બેસેછે ગુમાસ્તો અંદર ખબર કરવા જાયછે ગુમાસ્તો અંદરથી આવી.

ગુમાસ્તો—બેસો શેઠ સાહેબ હમણા આવેછે.

પાનાચંદ—કાંઇ હરકત નહીં (એવામાં અંદરથી ઉઘાડા શરીરે અમીચંદ, જયાં પાનાચંદ બેઠાછે ત્યાં આવેછે ને બંને સામ શામી જુહાર કરેછે.)

.નાચંદ—છો તો ખુશીમાંને! (પાનનું બીલારૂ ભૈઆ તરફ ફેંકીને) ઉસમેં પાનલાઓ (ભૈઓ પાન લગાવા બેસેછે.)

પાનાચંદ—હા શેઠ, આપની મહેરબાનીથી આનંદમાં છું હાલમાં આપની પાસે નાણાની કાંઇ છુટ છે કે?

અમીચંદ—કેટલા રૂપીઆ જોઇએ છે શેઠ!

પાનાચંદ—ત્રીસ હજાર.

અમીચંદ—બસ!!! ગુમાસ્તો પાસે બેઠો હતો તેને) જાઓ, અંદરથી ચેક બુક. ખડીઆને કલમ લાવો (ગુમાસ્તો સર્વ લાવીને ટેબલ ઉપર મુકેછે અમીચંદ આંખે ચશમાં ચઢાવી ચેક બુક ઉગાડી, ખડીયામાં કલમ બોળી, લખવા જેવા ડોલ કરેછે કંઇ યાદ આવવાથી કલમ અચકાવીને) પાનાચંદજી શેઠ! આપ રૂપૈઆને બદલે શો હુવેજ આપો છો? હુવેતો આપણે ધીર ધાર કરવી બંધ કરીછે વખત વખતને ખાતો આવે છે. પણ શું કરીએ? આપણે વાણીઆ ભાઈ એટલે લોભ છુટે નહીં. આતો તમે પોતે આવ્યા એટલે ના કહેવાય નહીં. તમેતો અમારા મુરબી એટલે હુવેજ લઇને પણ આપનું કામ કરીએ બાકીતો બીજાને હુવેજ ઉપરે ધીરવાના સોગન ખાધાછે.

પાનાચંદ—ઠીક ત્યારે, હું હુવેજ લઈ આપની પાસે આવીશ હાલતો હું રજા માગુંછું (ભૈઓ, પાન ભરી બીલારૂ અમીચંદ શેઠને આપેછે તેમાંથી બે પાન ''

ડી કાઢીને)

અમીચંદ—પાનતો લેતા જાઓ (પાનાચંદ પાન લઇ સલા મ કરી પોતાના પંથે પસેછે નિસ્તેજ મુખે ઘેર જાયછે અમીચંદ શેઠ નહાવા માટે સ્નાન સ્થળમાં જાયછે.)

પ્રવેશ ૬ ઠ્ઠો.

સ્થળ પાનાચંદનું ઘર.

પાત્ર—પાનાચંદ મનોરમા અને પાછળથી આનંદીરામ.

પાનાચંદ ઘરમાં આવી પોતાની સ્ત્રીને બોલાવી અને આપવાથી.

પાનાચંદ—નિસ્તેજ મુખે) અહો હવે કેમ કરીશું ? રખડા રખડીને થાકી ગયો, પણ કાંઇ હજુ ચોકઠું બેઠું નહીં હમણા તારી હઠ છોડી બે મહીના સબુરી ખમ તને પાઘડી ઉતારી નમસ્કાર કરૂંછું. (એમ કહી પાઘડી ઉતારી, સ્ત્રીના ચરણ પાસે મુકેછે. ને બે હાથ જોડી પગે લાગેછે.)

મનોરમા—(જરા રીશમાં) બે મહીનાતો શું પણ એક ઘડીએ ધીરજ નથી ધરવાની કાલ કોને દીઠીછે ! ગામમાં કોઇ ના ધીરતું હોય તો ઘર ઘર ભટકી ભીખ માંગી, એકઠું કરી, મારા છોકરાને પરણાવો, ને મારો ઉલ્લાસ પુરો કરો નોતા જાણતા કે બાયડી છીએ તે છોકરા થશે ! તે વખત તો ગધેડે ચઢી મોટા ફુલા-

નાથી હરખ ભેર આવ્યા હતા.

પાનાચંદ—(કપાળે હાથ નાંખી ઉંડા નિશ્વાસથી મનમાં ભોગ લાગ્યા તારે પાલવડે પડયાતે (સ્વગત) હવે તારો લવારો જવા દઇ ચુપ બેશીશ! (તેની નજર દુર કોઇ આવતા આદમીપર પડવાથી, આમ તેમ જોઇ. બરોબર કોઇ ગૃહુસ્થ જેવો નજરે પડવાથી, પોતાની સ્ત્રીને જરા ખુશ ચહેરે) અલી તું હવે અંદર જતી રહે.(બતાવીને) જો પેલો કોઇ ગ્રહુસ્થ આવેછે. ઠીક થયું ઘેર બેઠા ગંગા મલી (મનોરમાં તે આદમીને જોઇને અંદર જતી રહેછે. એવામાં તે આદમી નજીક આવેછે તેને ઓળખીને મોટા હરખથી) આવો આવો આનંદીરામ! આજ તમે આ તરફ કયાંથી?

આનંદીરામ—શેઠ, આંહી આટલામાં કાંઇ હતું તે આવ્યો હતો, ત્યારે વિચાર એમ થયો કે પાનાચંદ શેઠ ને મલતો જાઉં.

પાનાચંદ—મોતી મહેરબાની કરી હાલ હવે કોને ત્યાં છો આરંદીરામ!

આનંદીરામ—આગાખાનને ત્યાં છું. શેઠ.

પાનાચંદ આગાખાન સો ધંધો કરેછે, ને તમને શું પગાર આપેછે!

આનંદીરામ—પરચુરણ વેપાર કરેછે સારી આશામીછે મને મહીને પચાસ રૂપૈઆ આપેછે, ને બીજું પણ થોડું ઘણું મલે ખરું.

પાનાચંદ—વારૂ ત્યારે તો ઠીક તમારા શેઠ ધીરધારનો કરતા હુશે કે કેમ.?

આનંદીરામ—કરેછે પણ કોઇને વ્યાજે આપતા નથી વ્યાજ ખાવું એ એમના ધરમમાં મનાછે, માટે કોઇને જરૂર હોયતો આપે ને જ્યારે જરૂર પડે ત્યારે મંગાવીલે, તે વખત કોઈ ના આપેતો તેને હરેક રીતે હેરાન કરી તે વખત નાણા છોડાવે.

પાનાચંદ—વારૂં તેતો ઠીક એ વાસ્તે તો હુરકત નહીં મા. રે થોડા શેક રૂપઇઆનો ખપ પડયો છે, તે અપાવશો (એવામાં પાનાચંદની સ્ત્રી આવેછે.)

મનોરમા—કેટલા રૂપૈઆ મંગાવોછો ?

પાનાચંદ—(તેને પોતાની પાશે બોલાવીને, તેના કાનમાં] હું વધારે રૂપૈઆ લેવાના કહું. તું હા કહેજે (ચાસન) આ દશ હજાર પછી કેટલા ?

આનંદીરામ—દશ હજાર !! એટલાતો નહી મલે જો લાખ બે લાખ જોઈએ તો મલશે.

પાનાચંદ—(ડાકુ ધુણાવતો) નારે ના એટલા બધા રૂપઇ. આ લઇને કરવું શું ? તમે તો ગાંડાબાંડા થયાં કેશું!!?

મનોરમા—વારૂ વારૂ! (પાનાચંદ ના કહે છે. મનોરમા હા કહે છે એમ બે ઘડી સુધી રકજક કરે છે, પછી પાનાચંદને આનંદીરામ સમજાવી લઇ જાય છે. મનોરમા ઘરકાર્ય માટે અંદર જાય છે.)

પ્રવેશ ૭ મો.

સ્થળ—આગાખાનની પેઢી.

પાત્ર—આગાખાન, નેમચંદ, સોમચંદ, પેમચંદ અને પાછળથી આનંદીરામ અને પાનાચંદ.

(સર્વ ગુમાસ્તા એકઠા થઇ વાતોના તડાકા મારે છે. તેવામાં દૂરથી આગાખાનને આવતા જોઇ સર્વ ગુપચુપ પોત પોતાના ઠેકાણે બેશી ચોપડા હાથમાં લઇ, કોઈ હીસાબ જોવા કોઇ લખવા વીગેરે કામે લાગી જાય છે. આગાખાન પેઢીમાં આવી સર્વ ગુમાસ્તાઓની તપાસ કરેછે.

આગાખાન—કેમ સોમચંદ! તું બંદર ઉપર ગયો હતોકે?

સોમચંદ—હા સાહેબ. આજે બંદર ઉપર આપણા સાત વહાણ આવ્યાં છે. તેમાં બે રૂની ગાંશડીઓના એક ચામડાનું એક કોલસાનું એક લાકડાનું એક પથરનુ અડધુ ઘાસનું અને અડધું કામકળાઓનું.

આગાખાન—ઠીક! અલ્યા નેમચંદ! તું કયાં કયાં ઉઘરાણી ગયો હતો.

નેમચંદ—નખોદશાને ઘેરથી, સાહેબ પાંચ હજાર રૂપઈઆ લાવ્યો, ને નફટશાને ત્યાંથી બે પાઇ, ને કપુતશાને ત્યાંથી ફુટી બદામ બીજા બે ચાર ઠેકાણે ગયો હતો તે એકને ત્યાં કોઇ મરી ગયું છે એક માંદો પડયોછે ને એક ગામ ગયો છે. ને એક બહાર ગયો હતો.

આગાખાન—વારૂ પ્રેમચંદ, આ બધું તે ચોપડામાં લખ્યુંછેકે?

પ્રેમચંદ—હા સાહેબ.

આગાખાન લાવ જોઉં (એમ કહી, ચોપડો જોવા માગે

છે. તે બીતો બીતો આગાખાનના હાથમાંથી નામું બરાબર નહીં હોવાથી, તથા ચોપડામાં ડા ડુગી પડેલા હોવાથી ચીડાઇને) બેવકુફ, ગદ્ધા. આ શું કર્યું છે ? ક્યાં છે બધું લખેલું ? આવી રીતે હરરોજ નામું લખતો હોઇશ ? (આ સાંભળી પ્રેમચંદ જવાબ નહીં આપતાં સ્તબ્ધ થઇ બેશી રહે છે.) કેમ અટ્યા સામલા, હજી મુનીમ નથી આવ્યા કે ?

સામચંદ—આવતા હશે સાહેબ (પાનાચંદ સહીત, આનંદીરામ પ્રવેશ કરે છે આનંદીરામ સલામ કરી પોતાની ગાદીએ બેસેછે. પાનાચંદને આગાખાનની જોડે ખુરશીમાં બેસવાનું કહે છે. આગાખાનનું સ્વરૂપ જોઇ, પાનાચંદ ડરે છે, ને ધ્રુજતો ધ્રુજતો એક બાજુ ઉભો રહેછે.)

આગાખાન—ઇધર આઓ શેઠ. (એમ કહી ઉઠી, તેને બેસવા માટે બોલાવે છે. આગાખાનને પોતાની તરફ આવતો જોઈ પાનાચંદ નાસવા માંડે છે. ને બુમો પાડે છે. આગાખાન પાછો પોતાની જગાએ બેસે છે. બે ચાર વખત આગાખાન, પાનાચંદને બોલાવે છે. ને તે ચીસ પાડી દુર નાસે છે. પછી આનંદીરામ તેને સમજાવી, આગાખાનની ખુરશીથી જરા દુર નાંખી બેસાડેછે. એટલે આગાખાન છીકણીની ડાબડી ધરી હાથ લાંબો કરી.)

આગાખાન—લીજીએ પાનાચંદ શેઠ નાશ. (એમ કહી ખુરશી તેની પાસે લઇ જાય છે. તેથી પાનાચંદ પોતાની ખુરશી ઉપરથી ઉઠી નાશી જાય છે. મહા મહેનતે આનંદીરામ સમજાવી, પાછો બેસારે છે. પછી આ-

..ન પાસેથી બીતો બીતો છીકણી લઇ ખુમ સું-ઘે છે. છીકણી આકરી હોવાથી, મગજમાં ચઢે છે. તેથી છીંકો ખાતો ખાતો પાનાચંદ બેશુદ્ધ થઇ જમીન ઉપર પડી જાય છે. સર્વ ગુ ાસ્તા ઉઠી તેના આસના વાસના કરી, તેને શુદ્ધીમાં આણે છે. પછી પાછો ખુ-રશીમાં બેસાડે છે. અને આનંદીરામ, આગાખાનને પાનાચંદને રૂપીઆ જોઇએ છે તે માટે કહે છે.

આનંદીરામ—(આગાખાનને) સાહેબ! પાનાચંદ શેઠને પચાશ હજાર રૂપૈઆનો ખપ છે, માટે આપની શી મરજી છે ?

પાનાચંદ—અગે આનંદીરામ, પચાસ હજાર રૂપૈઆ મારે નથી જોઇતા ફકત પચીશ હજારનોજ મારે ખપ છે.

આગાખાન—કયા પચાસ હજારજ !! નહીં એસા નહીં હોગા પાનાચંદ શેઠ! દો લાખ, ચાર લાખ, ચાહીએતો લે જાઓ. (પછી આનંદીરામ, હાગાખાનને સમ-જાવી, અને પાનાચંદને સમજાવી પચાશ હજાર રૂપૈઆ આપવાનું નકી કરી તીજોરીમાંથી કાઢી પચાસ હજાર રૂપૈઆ આપે છે.)

આગાખાન—આનંદીરામ, પાનાચંદ શેઠકી સહી કરવા લેના.

પાનાચંદ—એનો વહેવારતી છે સાહેબ ! લાવો આનંદીરામ સહી કરીઆપું (આનંદીરામ ચોપડો પાનાચંદના હાથમાં આપે છે. તે લઇ પાનાચંદ પોતાના ખાતામાં સહી કરે છે. મોઢેથી) પાનાચંદ પેથાચંદના સહી ઉપર મંડું દા. પોતે હજુર મુ. સોનાપુર ઠે. લાકડા

ના ગંજમાં. સઅપ્રજવલીતમાં (ચોપડા ”રના
ના હાથમાં આપી.) જુઓ આનંદીરામ! વાંચી જુ.
સહી બરાબર છે કે નહીં?

આનંદીરામ—(આમ તેમ ડોળા ફેરવી) બરાબર છે. પાનાચંદ શેઠ! પાનાચંદ શેઠ ઉભા થઇ, સર્વને જુહાર કરી, જતી વખતે સર્વને જમવાનું તથા વરઘોડાનું નોતરૂં કહેતા જાય છે.

પાનાચંદ—(આગાખાનને) પધારજો શેઠ સાહેબ! પાંચમે દહાડે, અમારા લાકડાની શાદીમાં.

આગાખાન—બહોત અચ્છા. (પાનાચંદ ખુશી થતો ઘેર જાય છે સાંજનો વાળુનો વખત થવાથી, દુકાનનું કામ આટપી સરવ પોત પોતાને ઘેર જાય છે.

પ્રવેશ ૮ મો.

સ્થળ—પાનાચંદનું ઘર.

પાત્ર—પાનાચંદને મનોરમાં.

(પાનાચંદ ઘેર આવી, પોતાની સ્ત્રીને બોલાવીને.)

પાનાચંદ—(અતિ ઉમંગનાથી.) અલી ઓ અલી આંહી આવને!!

મનોરમા—શું કહોછો કપુરીઆના બાપા!!

પાનાચંદ—(છાનો માનો બતાવી તે, ધીરે સાદ) આ જો હવે રૂપૈઆ તો તેં કીધું, તેથી વધારે લાવ્યોછું. હવે તું આજથી ગાણા ગવરાવ્ય. હું સરવ સામાન લઈ આવુંછું. જો સાંભળ આખા ગામમાં ગાવણાનું કહેજે

. જોજે એકે ઘર બાકી રહી જતું.
(મા—બહુ સારૂં. પણ તમે ગોર બોરને બોલાવી, લગન જોવરાવો આપણા કપુરચંદને સાસરે કહેવરાવો;
એટલે એ પણ તૈયારી કરે વારૂં.

પાનાચંદ—વારૂ હું આ ચાલ્યો તું પણ સારાં સારાં કપડાં પહેરીને જા.

મનોરમા—બહુ સારૂં. (બંન્ને જણા જાય છે.)

પ્રવેશ ૯ મો.

સ્થળ—રસ્તો.

પાત્ર—ભગલો હજામ એકલો.

ભગલો—(મારૂં નામ ભગલો હજામ એ રાહ.

અમે તો ભગલા ભાઇ રે અમે એ ટેક.
રહેતો હતો હું અમદાવાદમાં, લાલ મહારાજને ઘેર;
શા ભોગ લાગ્યા મારા જેથી, આવિ રહ્યો આ શે'ર. અમે.
શરપે પોઘડી, કાખમેં કોથળી, અંગરખુ અસ્ત્રી બંધ;
રેશમી કોરનું ધોતીયું પહેરી, બન્યાસે ભગલા સંદ. અમે.
જુઓ અંગુઠી હિરાની હાથે, ચેવો દીશશે રોપ;
કાંધો હુકમ ફાંશિનો રાજાએ, કીધા હશે મેં શું પોપ. અમે.
રશીલી રંગીલી અલી છે મારી, રૂપેસે પુનમ સોંદ,
ફાંસીનો હુકમ મળ્યોછે તેથી, થશે અલી મારી રોંદ. અમે.
અફીમ ખુબ ચડાવે રાજા, દીવાન પીએ ભોંગ;
ન્યાયાસન પર બેસે ત્યારે, દેખાય વોંદરાનો શોંગ. અમે.

(જાણે ભુલ્યો હોય તેમ મોહો ઉપર થાપડ મારીને;
અમદાબાદથી તો સોનામોના નાહીને આંહી આયા, ને વ

ળી ઓમઝવલચ કર્યું, ને કડાસને સેપચડાએ છુ.
માગી મુલકે ટાટ બાંધી પાસા એમદોબાદ લઇ જાહુ; ...
વળી બમણા ગુનેગાર થાહુ. ને તે બમણા ગુનાને બદલે
એ જગાને શુળાએ હુચાડી દેહ. જેથી હુમળુ ઘર ભાંગાહુ;
ને લોકો હાહા ખાહુ; માટે ગોપ ચોપ આંહી ધંધો ચલા-
વવો, કે હું અને બલી હુએ દહાડા કાઢીએ સાલ જીવડા
ઝટ સાઝ! તાગી વાટ જોઈ તારા ઝેવી ઝમના બેહી રહી
છુચે. (એમ કહી જાય છે.)

પ્રવેશ ૧૦ મો.

સ્થળ પાનાચંદનું ઘર.

પાત્ર—પાનાચંદ, મનોરમા, અડબમ, લાલશારામ, કપુરચંદ, મેહેતાજી, ભગલો, જમના, પેથીઓ, વાજાવાલા ઘોડાવાલો, આગાખાનનો ગુમાસ્તો નેમચંદ, કંદોઇ વીગેરે પાનાચંદના લેણદાર વીગેરે વીગેરે નાતના માણસો સાજન વીગેરે.

પાનાચંદ—(પોતાના ગુમાસ્તાને) અલ્યા અડબમ પારેખ!
જા, અને લાલશારામ ભટને બોલાવી લાવ્ય?

અડબમ—(જરા ગુસ્સેથી) શેઠ, મહીને દહાડે રૂપૈઓ તો
દોઢ આપોછો, ને આખો દહાડો સઘળુ કામ મારી
પાસે કરાવોછો એ શું?

પાનાચંદ—બેસ બેસ રાંડના! જા, ખુશી કરીશું પછી કાંઇ!!

અડબમ—સારૂં શેઠ. (ખુશી થતો જાયછે ને ગોરને બોલા-
વી લાવેછે.

...મ—(નમસ્કાર કરી.) શેઠનું કલ્યાણ થાઓ કેમ શેઠજી શો હુકમ?

પાનાચંદ—લ્યો આ ટીપ ને સર્વેને આજના જમવાના નોતરાં દઇ આવો સાથે વરઘોડાની પણ ટીપ લેતા જાઓ.

લાલશારામ—લાવો શેઠ (બંન્ને ટીપો લેઇ જાય છે.)

પાનાચંદ—(ચાકરને) અલ્યા પેથીઆ, જા, કપુરચંદ તેની નીશાળેથી તેડી લાવ (એવામાં કપુરચંદ મેતાની પાઘડી લઇ નાશી આવે છે.)

કપુરચંદ—બાપા બા ! આ પાઘડી (એમ કહી પાઘડી ઉછાલે છે એવામાં ઉગાડે માથે મહેતાજી આવેછે)

મહેતાજી—પાનાચંદ શેઠ? છોકરાને આવો મોઢે ચડાવતા લાગુ ! નિશાલમાં આખો દીવશ તોફાન કરવું ને ભણવું નહીં જુઓ મારી પાઘડી લઈ નાશી આવ્યોછે (કપુરચંદને) કયાંછે મારી પાઘડી કપુરચંદ !

પાનાચં:—મહેતાજી ફીકર ન રાખો એથી સારી પાઘડી આપીશું પછી કાંઇ !! એતો એને આવી પાઘડી નહીં ગમી હોય તેથી એમ કર્યું હશે આજે તમને અને ભટાણીને આંહી જમવાનું છે?

મહેતાજી—સુભ ભવતુ. કેમ આજે શું છે !

પાનાચંદ—તમે નથી જાણતા! આપણા કપુરચંદના લગનછે.

મહેતાજી—અહં આપણે તો કાંઇ જાણતા નથી લાવો પાઘડી. ઘેર કહીને આવુંછું. (મહેતાજી પોતાની પાઘડી પહેરી ઘેર જાયછે.

પાનાચંદ—અલ્યા પેથીઆ જા, નાકેથી હજામને બોલાવી લાવ !(અડબમને) જાલ્યા અડબમ તું નાકા આગ-

લથી વાજા, ઘોડા વીગેરે લઈ આવ કારણ કે
વરઘોડો ચઢાવવો છે. (અડબમને પેથીઓ જાયછે હુ-
જામ આવેછે એટલે) અલ્યાતારૂ નામશું ?

ભગલો—મારૂ નામ ભગલો બોઇ શાબ.

પાનાચંદ—અલ્યા ભગલા, આજે કપુરચંદના લગન છે
માટે ખુબ શરશ હજામત બનાવ અને એવી ચંપી
કરકે હડી પશલી જુદી થઇ જાય અલ્યા, કાંઇ તને
ગાણું આવડે છે કે ?

ભગલો—હોવે શોબ ગાણુંને બોણું બધું આવડશે.

પાનાચંદ—ત્યારે હજામત કરતોજાને ગાતોજા એટલે મજાપડે.

ભગલો—બહુ હારૂ હેડ. (પથરી ઉપર અસ્ત્રો ઘસતો જા-
યછે ને ગાતો જાયછે)

ઇશ્વરે આલ્યુસે, માથા મુડવાનું કામરે એ રાહ.
સરજ્યુંછે ઈશે, માથા બોડવાનું કામરે એ ટેક.
આધંધો બહુ મજાનો, મનથી તમે સત્યજ માનો. સ
આ હમજાતી નો માલેરે, ખુશી જે હોયને ચાલોરે;
શિખવાડિ શહુ મુજહાથે, સરવથી સરસ ધંધોછે;
તેનાં હુશિઆર આ બંદા છે, લાગ મલેતો ટપલી
મારૂં બેચાર ઓમરે. સર.
(એમ કહી કપુરચંદને માથામાં ટપલા મારેછે તેથી)

કપુરચંદ—(પાનાચંદને) બાપા બાપા ! આતો મને મારેછે

પાનાચંદ—(ભગલાને ધબો મારી) કેમ લ્યા ભગલા આ-
શું કહે છે ?

ભગલો—સાબ એતો પશોલુંછું.

—વારૂ! વાર! સંભાલીને કર: ખુણા બરાબર કરં
જે હો!! ચલાવ આગલ. ભગલો બહુ સારૂ.

ઉપલી રાહ.

એક માથાના પૈસા લઉછુ ચારરે, જોઇ માણસને કરૂછું વિચારે;
અજાણ્યાના લેઉ બે આના, એનો ચપકો પડી ગયો;
ફેરો તો ફુટીગયો એવી એવી મજા કરી મારી ખાંઉરે;સ.

(હજામત કરી રહ્યા પછી ચંપીકરવા માંડેછે થોડુ ઘણું સરીર દાબી હાથ વિગેરે ખુબ જોરથી મચડેછે તેથી.

કપુરચંદ—[બુમો પાડતો] વોય વોયરે! મારી નાંખ્યો રે મારા બાપ મારા હાથ પગ ભાગી નાંખ્યા (આવી બુમ સાંભલતા, પાનાચંદ, અડબમ, પેથીઓ વીગેરે ભગલાને મારવા મંડી જાયછે ખુબ માર્યા પછી શેઠ શીપાઇને તેડવા મોકલેછે એટલે)

ભગલો—(નિસ્તેજ બની)
હાએ હાએ રોમ રોમ આશું થયું રે એ રાહ.
વોય વોય નારાયણ આશું થયું રે;
દેખો દેખો કરમ મારૂં, ફુટી ગયું રે; વોય.
મર્યો નહીં પ્રેત થયોએ, સંઘલું તેનું તે;
હાય સજા હોશે ભારી, રડશેરે વા'લી મારી; વોય.
હેત અતિ રાખે છે રે, મારા ઉપર વાલી;
તેમ રશે રોઇ રોઇ, નવ રે'શે તેનું કોઇ;
ઓય ઓય હતું ત્યાંનું ત્યાં રહ્યું રે-વોય.

(એવામાં ભગલાની સ્ત્રી જમના ત્યાં આવે છે. શેઠ તેને જોઈ મોહપાશમાં પડે છે. શીપાઇ આવે છે તેને પાનાચંદ શેઠ સમજાવી પાછો કહાડે છે. જમના, ભગલાને ઉ-

હાશ જોઈ, ખુશી કરવા લટકાથી ભગલાની તારીફે
યન ગાય છે.)

જમના—સ્વામી મારાછો શોહામણા. એ રાહ.

કંથ મારા છો કોડામણા, સાંભળો સાંભળોની હારે (૨) કં.
માથું મુડવાને આવીઆરે, મોટા શેઠને ઘેર (૨)
આપશે પૈસા અતિ તેથી. ખાશું લાબશી રૂડા પેર (૨) કંથ.
પેરી આંગુઠી આંગળીએ હીરાનીરે, તક તકતું અંગરખું
અસ્લાં બંધ (૨)
ધોતીયું રેશમી કોરનું. દીશે મોટા માજન. (૨) કંથ.

ભગલો—ઓ મારી વાહરે અસી. એ રાહ.

અહોહો પ્યારી મારી, સાબાશ સાબાશ જમના તારૂં નામ. ટેક
ગાણું ગાયું તે રૂડું આજે, મનમાં હર્ખ ન માયે;
જાણું કે આજે લાબશી, ઘી, ને. ખાંડ ખાધી કે'વાય. અહો.
કમાયા માટે આવું પડેલ; શેઠીને ઘરની માંય;
જુદાં પડું હું દિલગીર થાઉં, વાકુલ વ્યાકુલ મન થાય. અહો.
ચંદરમા જેવું મુખડું તારૂં, રંભાજય સુંદર રૂપ;
તારા વિના હું ભુલો ભમતો, અથડાઇ પડતો કુપ. અહો.
પેહર્યો તેં ઘાઘરો પોંસ પટાનો, ફરતી શુંદર કોર;
રૂડા રંગીલા શેઠના ઘરમાં, ફરીએ જોડાજોડ. અહો.

(પાનાચંદ, જમનાને એક બાજુ બોલાવી, કંઇ કાનમાં કહે છે, અને એક બીજાને તાળી આપે છે. એવું દુરથી શેઠાણી જુએ છે. એટલે, પાસે આવીને.)

મનોરમા—હવે દુર રહેજો. મને અડકતા નહીં.

પાનાચંદ—(વાવલો બની) શું છે તે?

મનોરમા—તમે આ હજામડીથી આડો વેવાર ચલાવ્યો તેથી

.. હવે નાતમાં તમારી કેવી ફજેતી થાયછે તે !

..નાચંદ—તને પાઘડી ઉતારૂ (ઉતારીને) રખે કોઇને કેતી તું તો ગાંડી છે ઇતો ચાલ્યું આવે છે.

મનોરમા—જાઓ જાઓ આઘા રહો; મને બોલાવશોમાં.

પાનાચંદ—એતે ઇમ થાય મા'ી બાપુડી. [એમ કહી તેને અડકે છે. અડબમ વાજાં વીગેરે લાવી.]

અડબમ—શેઠ સાહેબ બહાર સર્વ તૈયાર છે !

પાનાચંદ—ઠીક ! જુઓ હવે લોક જમવા સારૂ એકઠું થયું છે; માટે હવે પીરસણું કડાવ

અડબમ—વારૂ શેઠ આ ચાલ્યો (જાય છે.)

પાનાચંદ—અલી જાતુ ભારે લુગડાં ઘરેણા પહેરી જલ્દી આવ હું પણ બીજા સારા લુગડાં પહેરીને આવુંછું. બને જાયછે થોડી વારે બંન્ને જણ જ્યાં નાત જમવા બેઠી છે ત્યાં આવેછે આમ તેમ બન્ને જણા ઘુમે છે સર્વ નાત જમીને જાયછે પછી સાજન વીગેરે એકઠું થાયછે, તેને ફુલના તોરા હાર વીગેર આપેછે વાજાં વિવિધ તરેહના વાગેછે પછી વર રાજાને ઘોડે બેસાડી વાજતે ગાજતે માટા આડંબરથી કપુરચંદને પરણાવવા માટે લઇ જાયછે. પરણાવીને આવ્યા પછી દેવાદારને શો જવાબ દેવો એ વીશે ઘણી ધણીઆણી વિચારકરેછે]

પાનાચંદ—કેમ અલી, આપણું લગ્ન તો કરી ચુકયા પણ લોક પૈસા લેવા આવશે, એને શો જવાબ દઇશું ?

મનોરમા—(જરા ગુસ્સાથી લટકા સહિત] એમાં મને શું પુછોછો ! લોક તમારી પાસે લેવા આવશે કે મારી પાશે ?

પાનાચંદ—નર્મતાથી) આવશેતો મારી પાસે પણ તેઓને આપવા હવે મારી પાસે; કાંઇ રહ્યું નથી; તો હવે શું કરવું.

મનોરમા—(ગુસ્સાથી) શું કરવું તે માથે દઇને ?.
પાનાચંદ—હેં હું રોઉં ત્યારે એમ કહી બચ્ચાનીમાફકરડેછે.અ...
મનોરમા—(ધણી મારી] બાયડી સરજ્યો હોત તોયે સારૂ થાત ! કે કોકનું ઘર માંડત લ્યો આ પહેરો ચુડીઓ, ને આપો મને પાઘડી અંગરખું ! કે તે પહેરી સર્વને હું જવાબ દઉં.
પાનાચંદ—(બતાવીને] જો પેલા લેવા આવે હવે શું કરવું (ગાબરોપની આમ તેમ નાસેછે તે જોઇ)
મનોરમા—આમ વાંદરાની માફક કુદે લોક મુકી દે એમછે! લ્યો એક તમે પગરખું અને એક હું લઉછું જે પૈસા માગવા આવે તેને ઉપરથી ખાસડા માર્યા કરવા એટલે ઝટ દઇને નાશી જશે
પાનાચંદ—(ખુશી થઇને) વાહરે! અલીવાહ અકલતો તેં સારી બતાવી.

(બંને જણા હાથમાં પગરખાં પકડી ઉભા રહેછે. તેવામાં વાજા વાલા, ઘોડાવાલા, કંદોઇ વીગેરે તમામ લેણદારો પૈસા લેવા માટે આવે છે તેઓ શેઠ શેઠાણી સારી પગરખા પુજા કરે છે માર ખાગા બીચારા નાશી જાય છે આગાખાનના માણસને પણ માર મારી કાઢી મુકેછે તે રોતો રોતો પોતાની પેઢી પર જાયછે.)

પાનાચંદ—ચાલ અલી હવે નિરાંત થઇ (બંને ઘર કાર્ય માટે અંદર જાયછે)

પ્રવેશ ૧૧ મો.

સ્થળ આગાખાનની દુકાન.

આગાખાન, નેમચંદ અને બીજા પેઢીના માણ-

વગેરે (નેમચંદ રોતો રોતો આવેછે તેને)

આગાખાન—અલ્યા નેમચંદ કેમ રડેછે?

નેમચંદ—(આંખો લુછતો) શાહેબ પાનાચંદને ત્યાં અથ-
    રાણી ગયો હતો, તેને મને માર્યો.

આગાખાન—જા સિંપાઇને બોલાવી, તેને ઘેર આવ હું
    પાછળથી આવુંછું

નેમચંદ—બહુ સારૂ શેઠ. (જાયછે.)

આગાખાન—ચાલો આનંદીરામ) ચોપડો લઇને તેને ઘેર
    અલ્યા સોમચંદ ને પ્રેમચંદ તમે પણ સાથે ચાલો

[સૌ તૈયાર થઇ ચાલો શેઠજી [સર્વ પાનાચંદને ઘેર જાયછે)

પ્રવેશ ૧૨ મો.

સ્થલ પાનાચંદનું ઘર.

પાત્ર—પાનાચંદ, મનોરમા, કપુરચંદ, આગાખાન, આ-
નંદીરામ, પ્રેમચંદ, સોમચંદ, નેમચંદ, સીપાઇ વીગેરે

પાનાચંદ—અલી હાંભળે છે કે !

મનોરમા—શું કહો છો ?

પાનાચંદ—આ આપણે પેલા આગાખાનના ગુમાસ્તાને
    માર્યો છે, તે મારો હાલો સીપાઇ લઈને આવશેતો !

મનોરમા—(લટકો કરીને) સીપાઇ લઇને આવેતો કેદમાં જ-
    જો એમાં મને શું કહોછો.

પાનાચંદ—[નર્મબની) અલી તું પણ આમ શું કરેછે? જો
    હું કેદમાં જઇશ તે તને સારૂ લાગશે!

મનોરમાં—(આંખ ચઢાવી)કેદમાં જાઓકે ખાડામાં પડો
    એમાં મારે શું !! ઘડી ઘડી મારો જીવ ખાઓછો, તો

હું તો આ ચાલી, મારા પીયર! તમેને ... શેરીમાં રડજો કે મરજો (જાયછે.

પાનાચંદ—હાય! હાય!! આ રાંડતો જતી રહી; (તેને પકડવા માટે દોડવા જાયછે એટલે દુરથી સામે શીપાઇને લઇ નેમચંદ આવેછે, તેઓને આવતા જોઇ ગાંડો બની જાયછે આમ તેમ દોડેછે, બાજેછે, ને બુમો મારેછે

નેમચંદ—(આવીને સીપાઇને પાનાચંદને બતાવીને) એ પકડો એ શેઠકુ?

સીપાઈ—(પાનાચંદને] એ શેઠ! તુમને હસકું કાયકુ મારા!

પાનાચંદ—(જાણે બહેરો હોય તેમ ગાંડો બની)કીકી કીકી કુ કીકી કીકી કુ (એવી રીતે ઉચ્ચાર કરતો સીપાઇ ઉપર પડેછે સીપઇ ધકો મારી દુર ખશેડેછે એટલે ઉપરને શબ્દ બોલતો નેમચંદ ઉપર પડેછે આમથી તેમ દોડેછે. ને આમ તેમ બાજેછે, એવામાં આગાખાન વીગેરે, આવેછે તેની આવી હાલત જોઇ આનંદીરામ, આગાખાનને કહેછે]

આનંદીરામ—શેઠજી સાહેબ, હાલતો એ ગાંડો થઈ ગયો લાગેછે માટે કાંઈ આપણા લેણાનો બરોબર જવાબ દે એમ લાગતું નથી આવી હાલતમાં બીચારાને પકડાવવો એ પણ સારૂ નહીં.

આગાખાન—ઠીક! બીજી વખત વાત હાલ ચાલો પાછા [સર્વ પાછા જાયછે સર્વના ગયા પછી આમ તેમ જોઇ કોઇને નહીં દેખવાથી કપુરચંદને બોલાવે છે.

પાનાચંદ—કેમ અલ્યા કપુરીઆ. તારા બાપે કેવી બહાદુરી કરી સર્વને નસાડયા.

કપુરચંદ—હા બાપા તમેતો બહુ હુંશીઆર દેખાઓછો.

...રાઆર ના હૈએ. આપણે તો વાણીઆ છીએ
.. બધાં ચરિત્ર કરી જાણીએ. (એટલામાં વળી સોમ
ચંદને આવતો જોઇ એને કી કી કી કી કુ એમ કરવા
મંડી જાય છે. આ જોઇ સોમચંદ પાછો જતો રહેછે.)

કપુરચંદ—બાપા, આપણી માને બોલાવી લાવું ?

પાનાચંદ—ગધેડા આપણી મા નહીં ! એતો તારી એકલા
ની મા જા? જઇને બોલાવી લાવ્ય. (કપુરચંદ જાયછે,
ને મન સાથે ખુશી થતો) કેવા મા ! સાળા સરવેને
નસાડી મુકયા છે ? એમ ના કર્યું હોત તો, મારો છેડો
છોડત નહીં; ને કેદમાં જવું પડત હવે શું કરવાના
છે ? હવે સાળા આવે તો એક એકનું કાટલું કાઢી
નાંખુ (આ બધુ પ્રેમચંદ છાનોમાનો સાંભળતો હતો
તેથી જઇને આગાખાનને બોલાવી લાવે છે. પાછા સ
રવેને આવતા જોઇ આગળની પેઠે ઉચ્ચાર કરે છે, ને
સરવેને મારે છે. તે સરવે નહી ગણકારતાં તેને પકડી
બાંધી સીપાઇને હવાલે કરે છે. તેને સીપાઇ લઇ જઇ
જેલમાં પુરે છે.)

પ્રવેશ ૧૩ મો.

સ્થળ—જેલ.

પાત્ર—પાનાચંદ અને કપુરચંદ.

પાનાચંદ—અફશોશથી અને આંખમાંના આંશુ લોતો.)
બીનું કહ્યું માની, વગર વિચાર્યું કામ કર્યું તો અંતે

આવી દશાને પહોંચ્યો એક ફુટેલના કેફ-
લણુજી બની, થોડી ઘડી સાબાશી કહેવરાવી
ફજેતાના ફાળકા કરાવ્યા. મને દુઃખમાં નાંખી; પાડા
ની માફક મોજ માણવા પીયર જઇ બેઠી. ધીઃકાર છે
એવી સ્ત્રીઓને, અને મારા જેવા બાયલા સ્ત્રીને આ-
ધીન થયેલા નરોને! જે પુરૂષો સ્ત્રીઓને તાબે થઇ,
તેના કહ્યા મુજબ જે કરસે, તે મારી માફક ખચિત
દુઃખી થશે. એવી દુષ્ટાઓથી દુર રહી, પોતાના વિ-
ચારથી કર્ય કરશે, તો તેને કોઈ દીવશ પણ ખતા
ખાવાનો વખત આવશે નહી.

અહો આર્ય બંધુઓ! મારે સર્વ પ્રત્યે એટલીજ વિ-
નંતી કરવાની છે કે, ન્યાત, વરા કે લગનમાં ગજા ઉપરાંત,
અને પારકુ કરજ કરી, ખોટી વાહ વાહને વશ થતા નહીં
જે જન એવી ખોટી ઉફાંત કરે છે, તે અંતે મારા જેવો
દુઃખી થાય છે. માટે એવા ટાણાઓમાં ખોટો ખરચ નહી
કરતાં શુભ કાર્યમાં સીંચવાથી બમણા લોભને ફળીભુત થ
શો. (એવામાં ફરતો ફરતો કપુરચંદ ત્યાં આવે છે.)

કપુરચંદ—બાપા બાપા! બાયડીતો મને કાણીને લુલી પરણાવી.

પાનાચંદ—(ગુસ્સે થઇ.) ભોગ તારા. તારા નશિબમાં હો
ય તે તું ભોગવ! જા મને સતાવીશ નહીં (કપુરચંદ
જતો રહે છે. પાનાચંદ દીલગીરી મેહેરે સુઇ જાય છે.
ને નિંદ્રાને આધિન થાય છે.)

સમાપ્ત.